dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 283 | AD - 2025, Ashadh Vad-07 | Thursday, Dt.17-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### એનટીપીસીને નવીનીકરણીય ઉર્જામાં રોકાણ કરવા માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયા પણ મંજૂર કર્યા

# પ્રધાનમંત્રી ધન-ધન્ય કૃષિ યોજનાને મંજૂરી આપતું કેન્દ્રીય મંત્રીમંડળ

નવીદિલ્હી,તા.૧૬

કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી ધન-ધન્ય કૃષિ યોજનાને મંજૂરી આપી, જેમાં ૩૬ યોજનાઓને એક કરી, જેનો ખર્ચ વાર્ષિક ૨૪,૦૦૦ રૂપિયા થશે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ જાહેરાત કરી છે. સરકારે એનએલસીઆઈએલને નવીનીકરણીય ઉર્જામાં રોકાણ કરવા માટે ૭,૦૦૦ કરોડ રૂપિયા પણ મંજૂર કર્યા છે. આ ઉપરાંત, મંત્રીમંડળે એનટીપીસીને નવીનીકરણીય ઉર્જામાં રોકાણ કરવા માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયા પણ મંજૂર કર્યા છે.

મંત્રીમંડળે બુધવારે છ વર્ષના સમયગાળા માટે પ્રધાનમંત્રી ધન-ધન્ય કૃષિ યોજનાને મંજૂરી આપી. આ અંતર્ગત, દર વર્ષે ૨૪,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે અને તે ૧૦૦ જિલ્લાઓને આવરી લેશે. કેન્દ્રીય બજેટમાં જાહેર કરાયેલ કાર્યક્રમ ૩૬ હાલની યોજનાઓને એકીકૃત કરશે અને પાક વૈવિધ્યકરણ અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ અપનાવવામાં મદદ કરશે. કેન્દ્રીય મંત્રીમંડળમાં લેવાયેલા નિર્ણય વિશે માહિતી શેર કરતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પીએમ ધન-ધન્ય કૃષિ યોજના લણણી પછીના સંગ્રહમાં વધારો કરશે, સિંચાઈ સુવિધાઓમાં સુધારો કરશે અને કૃષિ ઉત્પાદકતામાં વધારો કરશે. આ કાર્યક્રમથી ૧.૭ કરોડ ખેડૂતોને લાભ થવાની અપેક્ષા છે.

સરકારે બુધવારે એનએલસી ઈન્ડિયાને તેના સંપૂર્ણ માલિકીના યુનિટ એનઆઈઆરએલમાં ૭,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની મંજૂરી આપી હતી. આ નિર્ણય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા લેવામાં આવ્યો હતો. આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ એનએલસી ઈન્ડિયા લિમિટેડને નવરત્ન સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝ પર લાગુ હાલના રોકાણ માર્ગદર્શિકામાંથી વિશેષ મુક્તિ આપી છે. એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ વ્યૂહાત્મક નિર્ણય એનએલસીઆઈએલને તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની એનએલસી ઈન્ડિયા રિન્યુએબલ્સ લિમિટેડમાં રૂ. ૭,૦૦૦ કરોડનું રોકાણ કરવામાં મદદ કરશે. આ હેઠળ, એનઆઈઆરએલ વિવિધ પ્રોજેક્ટ્સમાં સીધા અથવા સંયુક્ત સાહસ બનાવીને




રોકાણ કરી શકશે. આ માટે પૂર્વ મંજૂરીની જરૂર રહેશે નહીં. એનટીપીસીને નવીનીકરણીય ઉર્જામાં રૂ. ૨૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાની મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારે બુધવારે જાહેર ક્ષેત્રની એનટીપીસીને ૨૦૩૨ સુધીમાં ૬૦ જીડબ્લ્યુ ક્ષમતા પ્રાપ્ત કરવા માટે નવીનીકરણીય ઉર્જા ક્ષમતા વિસ્તરણ પર રૂ. ૨૦,૦૦૦ કરોડ સુધીનું રોકાણ કરવાની મંજૂરી આપી. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિમાં લેવાયેલા નિર્ણયની માહિતી આપી. એનટીપીસી માટે અગાઉ મંજૂર મર્યાદા રૂ. ૭,૫૦૦ કરોડ હતી. સરકારે કહ્યું છે કે એનટીપીસી અને એનજીઈએલને આપવામાં આવેલી પરવાનગી દેશમાં નવીનીકરણીય પ્રોજેક્ટ્સના ઝડપી વિકાસમાં મદદ કરશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ પગલું પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવામાં અને દેશભરમાં ચોવીસ કલાક વિશ્વસનીય વીજળી પૂરી પાડવામાં રોકાણ સુનિશ્ચિત કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

બુધવારે, કેન્દ્રીય મંત્રીમંડળે ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાની અવકાશ યાત્રા અંગેનો પ્રસ્તાવ પણ પસાર કર્યો છે. આ અંગે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આજે કેન્દ્રીય મંત્રીમંડળે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાંથી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાના પરત ફરવા પર એક ઠરાવ પસાર કર્યો છે. આ સમગ્ર રાષ્ટ્ર માટે ગર્વ અને આનંદનો પ્રસંગ છે. આજે મંત્રીમંડળ, સમગ્ર રાષ્ટ્ર સાથે, ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને પૃથ્વી પર સફળ વાપસી બદલ અભિનંદન આપે છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'તેઓએ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ૧૮ દિવસનું ઐતિહાસિક મિશન પૂર્ણ કર્યું છે. આ ભારતના અવકાશ કાર્યક્રમમાં એક નવો અધ્યાય છે. તે આપણા અવકાશ કાર્યક્રમના ભવિષ્યની સુવર્ણ ઝલક આપે છે. મંત્રીમંડળ આ ઐતિહાસિક સિદ્ધિ માટે ઈસરોના વૈજ્ઞાનિકો અને ઈજનેરોની સમગ્ર ટીમને અભિનંદન આપે છે.' અશ્વિની વૈષ્ણવે કહ્યું, 'ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાનું મિશન ફક્ત એક વ્યક્તિની સફળતા નથી, તે ભારતની યુવા પેઢી માટે પ્રેરણાનું ઉદાહરણ છે. આનાથી આપણા બાળકો અને યુવાનોમાં જિજ્ઞાસા વધશે અને વૈજ્ઞાનિક વિચારસરણીનો વિકાસ થશે. તેનાથી પ્રભાવિત થઈને, મોટી સંખ્યામાં યુવાનો વિજ્ઞાન અને નવીનતાને પોતાની કારકિર્દી બનાવશે. કેબિનેટ દ્રઢપણે માને છે કે આ મિશન વિકસિત ભારતના સંકલ્પને નવી ઉર્જા આપશે. ભારતને વિકસિત દેશ બનાવવાનું સ્વપ્ન ૨૦૪૭ સુધીમાં દેશને નવી તાકાત આપશે.









## ચીનમાં એસ.જયશંકરનો લલકાર : ભારત આતંકવાદને બિલકુલ સહન નહી કરે

બેઈજિંગ, તા.૧૬

ચીનના તિયાનજિનમાં આયોજિત શાંઘાઈ સહયોગ સમિટમાં, જયશંકરે ચીન સામે પાકિસ્તાનનો ઘમંડ બહાર કાઢ્યો છે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે રાષ્ટ્રપતિ શી જિનપિંગ સમક્ષ પાકિસ્તાનને કડક સંદેશ આપ્યો કે ભારત આતંકવાદને બિલકુલ સહન કરશે નહીં. જયશંકરે કહ્યું કે ભારત આતંકવાદીઓ સામે કડક કાર્યવાહી કરશે. આ સાથે તેમણે પાકિસ્તાનને મદદ કરવા બદલ ચીનને પણ પોતાની શૈલીમાં ચેતવણી આપી. ભારત તરફથી આ ઠપકો મળ્યા બાદ પાકિસ્તાનનો સ્વર બદલાઈ ગયો હોય તેવું લાગતું હતું.

જયશંકરના આ કડક ઠપકા પર, પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારનો સ્વર ઘણો નરમ પડ્યો. તેમણે કહેવાનું શરૂ કર્યું કે પાકિસ્તાન શાંતિ અને સ્થિરતા સાથે સંબંધ ઈચ્છે છે. વિદેશ મંત્રી એસ જયશંકરે એસસીઓ બેઠકમાં સરહદ પાર આતંકવાદના મુદ્દા પર ચીન અને પાકિસ્તાનને એકસાથે કડક સંદેશ આપ્યો. તેમણે પહેલગામ હુમલાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભારત આતંકવાદને બિલકુલ સહન કરશે નહીં અને આતંકવાદીઓ સામે કડક કાર્યવાહી કરશે.

જયશંકરે પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં પાકિસ્તાન પર ઓપરેશન સિંદૂરની કાર્યવાહીને વાજબી ઠેરવી. જયશંકરના આ વલણને જોઈને પાકિસ્તાન અને ચીન અવાચક થઈ ગયા.










# બાબરામાં દારૂ જાહેરમાં વેચાતો હોવાની રાવ: પોલીસ કડક હાથે કાર્યવાહી કરે તેવી માંગ

**ઇંગ્લિશ દારૂ તો હાઇવે રોડ ઉપર જાહેરમાં વેચાતો હોવાની ચર્ચા**

બાબરા,તા.૧૬

બાબરા શહેરમાં છેલ્લા કેટલાક મહિનાથી દારુના વેચાણ મુદ્દે પ્રેસ-મીડિયા દ્વારા તંત્રને જગાડવાનો પ્રયત્ન થાય છે. છેલ્લા ચાર મહિનાથી બાબરામાં પોલીસની મીઠી નજર તળે બુટલેગરો બેફામ બન્યા છે. આ અંગે વારંવાર અખબારોમાં સમાચાર પ્રસિદ્ધ થાય છે, છતાં પોલીસ તંત્રના પેટનું પાણી નથી હલતું. બાબરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ પડી ભાંગી છે, રાજનેતાઓ પોતાના રાજકીય ધંધામાં મશગુલ છે. બાબરાના ઈંગોરાળા ગામે દારૂ ભરેલ ટ્રક બીનવારસી હાલતમાં મળી આવ્યો હતો. બાબરાના બુટલેગરોએ આ દારૂ મંગાવ્યો હોય એવી ચર્ચા હતી. તેમાં ખુલ્લેઆમ દારૂનું કટિંગ થયું છે, પણ ઉપરથી પોલીસ અધિકારીની ભીંસ આવતા બુટલેગરો ટ્રક અને ૯૦ પેટીથી વધુનો દારૂ મૂકી નાસી ગયા હતા. પણ આ ટ્રક ઝડપાયા બાદ હાલ સુધી આ બાબતે કોઈનો અતોપતો લાગ્યો નથી. બાબરા શહેરમાં અમરાપરા નિલવળા રોડ દેશી દારૂ વેચવાનું મોટું પીઠું છે. ઈંગ્લિશ દારૂ તો હાઈવે રોડ ઉપર જાહેરમાં વેચાય છે. લોકોની માગ છે કે બાબરા શહેરમાં ઈંગ્લિશ અને દેશી દારૂનું વેચાણ બંધ કરાવે.

# લીલીયા શહેરમાં ખાડાઓને કારણે વાહનચાલકોને ભારે હાલાકી

લીલીયા,તા.૧૬



લીલીયા મોટા ગામે ખાડાઓને કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના રોડ રસ્તા અતિ બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકોમાં ભારે રોષ ફેલાયો છે. શહેરના નાવલી બજાર, મેઈન બજાર, ભરવાડ શેરી, મફતપરા, સાઈનાથ પરા, સંધી સોસાયટી, ગઢ શેરી વિસ્તારમાં મસમોટા ખાડાઓ પડેલા છે સાથોસાથ શહેરમાં ગંદા પાણીની રેલમછેલ હોવાથી રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગંદા પાણીમાં વાહન ચાલતા હોવાથી શુભ પ્રસંગે આવતા લોકોના કપડા પણ બગડે છે તેમજ વાહનોને કારણે ગંદા પાણીના છાંટા ઉડતા હોવાથી વાહનચાલકો સાથે માથાકૂટ પણ થાય છે. આમ લીલીયા શહેરમાં પડેલા મોટા ખાડાઓનું તાત્કાલિક રીપેરીંગ કરવામાં આવે અને ગટરના ગંધાતા પાણીમાંથી તાત્કાલિક છુટકારો મળે તેવી લોકોએ માંગ કરી છે.

# વડીયા શહેરમાં તીનપત્તી રમતાં બે ઈસમો ઝડપાયા

**રૂપિયા ૨૦૬૦ ના મુદ્દામાલ સાથે આરોપીઓ ઝડપાયા**

વડીયા, તા.૧૬

વડીયામાંથી પોલીસે તીનપત્તીનો જુગાર રમતાં બે ઈસમોને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ૨૦૬૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. ભાવેશભાઈ નકુભાઈ કાવઠીયા (ઉ.વ.૩૦) તથા અશોકભાઈ કાંતીભાઈ જખવાડીયા (ઉ.વ.૨૮) બંને સદ્‌ગુરુનગરમાં રાજેશભાઈ ઠાકોર (મચ્છીવાળા)ના રહેણાંક ઝુંપડા પાછળ જાહેરમાં હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂપિયા ૨૦૬૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન. ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૫' હાથ ધરવામાં આવશે

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતાનો મહા-સર્વે હાથ ધરવામાં આવનાર છે. ભારત સરકાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતાના વિવિધ ઘટકોનો રૂબરૂ પરિચય મેળવી, પરીક્ષણ કરી 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૫' હાથ ધરવામાં આવશે. આ સર્વેક્ષણમાં થર્ડ પાર્ટી દ્વારા શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, મંદિર, જાહેર જગ્યા, શાકમાર્કેટ, જાહેર રસ્તા, ગ્રામ પંચાયત કચેરી, વ્યક્તિગત અને સામૂહિક પ્રતિભાવો, વ્યક્તિગત અને સામૂહિક સ્વચ્છતા, ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન વગેરેનું મૂલ્યાંકન કરવામાં આવશે. આવનાર ટીમ દ્વારા વ્યક્તિગત-સામૂહિક શૌચાલય, કમ્પોસ્ટ પીટ અને સોકપીટ, સેગ્રીગેશન શેડ, ડોર ટુ ડોર કચરાનું એકત્રિકરણ અને વિભાજન, પ્લાસ્ટિક કચરાનું એકત્રિકરણ અને વિભાજન, ગોબરગેસ, હેન્ડ વોશીંગ, સ્વચ્છતા બાબતે પ્રચાર-પ્રસાર અને જાગૃતતા વગેરે પર ભાર મૂકવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આહ્‌વાન કરવામાં આવ્યું છે કે, પોતાના ગામને હકારાત્મક અભિગમ સાથે અવ્વલ નંબર અપાવવા કટિબદ્ધ થઈએ. તમામ કચરાનો વૈજ્ઞાનિક ઢબથી ઉપયોગ અને નિકાલ થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે. નાગરિકોને પોતાના મોબાઈલમાં પ્લેસ્ટોરમાંથી SSG-૨૦૨૫ એપ્લીકેશન ડાઉનલોડ કરીને સરળ ભાષામાં વધુમાં વધુ પ્રતિભાવ આપી ગામ, તાલુકા, જિલ્લાને મોખરાનું સ્થાન મેળવવામાં મદદરૂપ થવા અપીલ કરવામાં આવી છે.

# અમરેલીથી બાબરા તરફ જતા ભારે વાહનો માટે વૈકલ્પિક રૂટ જાહેર

અમરેલી, તા.૧૬

અમરેલી-બાબરા નેશનલ હાઈવે પર આવેલ નાના માચીયાળા ગામ પાસે આવેલ પુલની સ્થિતિ નબળી હોય અહીંથી પસાર થતા તમામ પ્રકારના ભારે વાહનો માટે જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેર કરવામાં આવેલ વૈકલ્પિક રુટ મુજબ અમરેલીથી બાબરા તરફ જતા તમામ પ્રકારના ભારે વાહનોએ અમરેલી બાયપાસ પરથી લાઠી ચોકડી થઈને લાઠી-ચાવંડ રોડ થઈ બાબરા રોડ પરથી પસાર થવાનું રહેશે. બાબરાથી અમરેલી તરફ આવતા તમામ પ્રકારના ભારે વાહનોએ બાબરા-ચાવંડ-લાઠી-અમરેલી રોડ પરથી પસાર થવું. આ જાહેરનામુ, તા.૩૧.૧૨.૨૦૨૫ સુધી અમલી રહેશે.

# બાલાપુર સેવા સહકારી મંડળીની ૩૭મી વાર્ષિક સાધારણ સભામાં ૧૧% ડિવિડન્ડ અને ભેટની જાહેરાત

બગસરા,તા.૧૬

શ્રી બાલાપુર સેવા સહકારી મંડળી લી.ની ૩૭મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ સભામાં મંડળી દ્વારા શેર સભાસદો માટે મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી. મંડળી દ્વારા રૂ. ૭,૪૮,૬૭૩.૫૧ નો નફો નોંધાવવામાં આવ્યો હતો, જેમાંથી સભાસદોને ૧૧ ટકા ડિવિડન્ડ અને સભાસદ ભેટ આપવાની જાહેરાતને કારણે સભાસદોમાં હર્ષની લાગણીઓ અનુભવાઈ હતી. આ સભામાં અ.જી.મ.સ. બેંક લી.માંથી જનરલ મેનેજર એ.બી. કોઠિયા, એડિશનલ જનરલ મેનેજર અશોકભાઈ ગોંડલિયા, મંડળીના પ્રમુખ પરસોતમભાઈ સોજીત્રા, મંત્રી ભાવેશભાઈ ઠુમ્મર તેમજ માવજીંજવા શાખામાંથી મેનેજર કમલેશભાઈ રાખોલિયા, કેશિયર આશિષભાઈ પાઘડાળ, ક્લાર્ક જે.ડી. દવે અને તમામ સ્ટાફ હાજર રહ્યા હતા.

# જાફરાબાદમાંથી સગીરાને અજાણ્યો ઈસમ ભગાડી ગયો

**આરોપી લલચાવી, ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો**

જાફરાબાદ, તા.૧૬

જાફરાબાદમાંથી સગીરાને અજાણ્યો ઈસમ લગ્નની લાલચ આપી બદકામના ઈરાદે ભગાડી ગયો હતો. બનાવ અંગે સગીરાના માતાએ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની પુત્રીને આરોપી લલચાવી, ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેસનના પીઆઈ એ.આર. ભાચકન વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી રોકડીયા પરા પ્રા.શાળાના બાળકોને ઈનામો અપાયા

**લાયન્સ ક્લબ ઓફ અમરેલી(મેઈન)ના માધ્યમથી**

અમરેલી,તા.૧૬



લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈનના માધ્યમથી દાતા અમેરિકા વાળા પ્રવિનાબેન વાડોરીયાના સહયોગથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત રોકડીયા હનુમાન પરા પ્રાથમિક શાળામાં બાલવાટિકાથી ધોરણ-૮માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે લાયન્સ ક્લબના પ્રમુખ બકુલભાઈ ભટ્ટ, મંત્રી રજનીકાંત ધોરાજીયા, ખજાનચી નંદલાલભાઈ તળાવીયા, જયસુખભાઈ ઢોલરીયા, ગોરધનભાઈ માંદલીયા અને આચાર્ય દિનેશભાઈ વ્યાસ, આનંદભાઈ ભટ્ટ, ચિત્રકૂટ એવોર્ડ વિજેતા શિક્ષક શીતલબેન દવે તથા સ્ટાફ પરિવાર હાજર રહ્યો હતો.



॥ ઓમ નમઃ શિવાય ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય માં ભવાની ॥ ॥ જય દ્વારકાધીશ ॥
અમરેલી જીલ્લામાં ગુંજતું નામ એટલે...
શિવ ક્રિષ્ના ગૃપ આયોજીત
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે... (૨×૧ સ્લીપર બસ દ્વારા)
પ્રવાસ : ૧ ત્રણ જયોર્તિલિંગ દર્શન - ઉજજૈન - ઓમકારેશ્વર – મહેશ્વરમ્
અમરેલી થી ઉપડશે તા. ૧-૮-૨૦૨૫ શુક્રવારનાં રોજ સમયઃ સાંજે ૫:૦૦ કલાકે
દિવસ: 3 રાત્રી: ૪
ટીકીટના દર નીચેના સોફાના રૂા.૪૫૦૦/- (વ્યકિતદીઠ) ઉપરના સોફાના રૂા.૪૦૦૦/-
: પ્રવાસ સ્થળોઃ
શ્રી મહાકાલેશ્વર મંદિર - શ્રી બડે ગણેશ - શ્રી કાલભૈરવ મંદિર
શ્રી રામ મંદિર ઘાટ - * શ્રી હરસિધ્ધી માતા મંદિર - શનિદેવ
. ઓમકારેશ્વર - મહેશ્વરમ્ - નર્મદા સ્નાન
નોંધ : આ પ્રવાસ દર અઠવાડિયે પણ ઉપડશે.
અમરેલી થી અયોધ્યા - વારાણસી (ત્રણ જયોર્તિલિંગ)
અમરેલી થી ઉપડશે તા. ૨૫-૦૭-૨૦૨૫ નાં રોજ
દિવસ : ૮ રાત્રી : ૯
ટીકીટના દર નીચેના સોફાના રૂા.૧૧૦૦૦/- (વ્યકિતદીઠ) ઉપરના સોફાના રૂા.૧૦૦૦૦/-
ઉજજૈન : મહાકાલેશ્વર જયોર્તિલિંગ - વિર વિક્રમ નગરી કાળભૈરવ, ક્ષિપ્રા નદી - હરસિધ્ધી માતા મંદિર - મંગળનાથ
ચિત્રકુટ : શ્રી રામચંદ્ર વનવાસ સ્થળ - અનસુયા આશ્રમ હનુમાનઘાટ-મંદાકીની સ્નાન-ગુપ્ત ગોદાવરી
પ્રયાગરાજ : ગંગા, યમુના, સરસ્વતી, ત્રિવેણી સંગમ
કાશી બનારસ બાર જયોર્તિલિંગમાંથી ૧ - ગંગા સ્નાન, હરિશ્ચંદ્રઘાટ
અયોધ્યા : રામ જન્મભૂમિ- સરયુ સ્નાન-કાનક ભવન - હનુમાન ગઢી
છપૈયા : સ્વામિનારાયણ ભગવાનનું જન્મ સ્થળ
બાગેશ્વરધામ : બાગેશ્વર બાલાજી હનુમાન મંદિર
ઓમકારેશ્વર : ૧૨ જયોર્તિલિંગમાંથી ૧ નર્મદા સ્નાન, મમલેશ્વર
તમામ પ્રવાસની સુચના :
● ૪ વ્યકિત વચ્ચે ૧ રૂમ આપવામાં આવશે.
● રહેવા માટે હોટલની વ્યવસ્થા તથા જમવાનો ખર્ચ આ ટિકીટ દરમા સામેલ છે.
● સવારે ચા-નાસ્તો તેમજ બંને ટાઈમ ભોજન શુધ્ધ ગુજરાતી આપવામાં આવશે.
● જરૂરી દવાઓ તથા સુકો નાસ્તો તથા ચાદર સાથે લેવી ● ત્રણ જયોર્તિલિંગ પ્રવાસમાં રાત્રી રોકાણ ઉજજૈન રાખેલ છે.
● સિંગલ સોફામાં એક વ્યક્તિએ બેસવાનું રહેશે. ● ડબલના સોફામાં બે વ્યક્તિએ બેસવાનું રહેશે.
● વહેલા તે પહેલાના ધોરણે ટીકીટ બુક કરાવવી. ● ડીપોઝીટ પેટે રૂા.૨૦૦૦/- ભરી ટીકીટ બુક કરાવવાની રહેશે.
● આકસ્મિક બનાવ બને તો આયોજકોની કોઈ જવાબદારી રહેશે નહીં.
● જયાં સુધી બસ જશે ત્યાં સુધી લઈ જવામાં આવશે ત્યાંથી યાત્રિકોએ સ્વખર્ચે જવાનું રહેશે.
● સાઈટ સીન સ્વખર્ચે રહેશે. ● આખરી નિર્ણય આયોજકનો રહેશે.
બુકિંગ માટે સંપર્ક કરો : નંદલાલભાઈ: Mo. 99042 43131


# ઠેબી નદી પરનો પુલ ખરાબ સ્થિતિમાં હોય અહીંથી પસાર થતા તમામ પ્રકારના વાહનો માટે વૈકલ્પિક રુટ જાહેર

અમરેલી, તા.૧૬

અમરેલી-ગાવડકા નેશનલ હાઈવે નં. ૩૫૧, ઠેબી નદી પરનો પુલ ખરાબ સ્થિતિમાં હોય આથી અહીંથી પસાર થતા તમામ પ્રકારના વાહનો માટે વૈકલ્પિક રુટને લઈને અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેર થયેલ વૈકલ્પિક રૂટ મુજબ સાવરકુંડલાથી બગસરા તરફ જતાં તમામ વાહનોએ એન.એચ. પરથી ફતેપુર-વિઠ્ઠલપુર થઈ ગાવડકા ચોકડી (એન.એચ)-બગસરા રોડ પરથી પસાર થવું. બગસરા તરફથી સાવરકુંડલા, અમરેલી તરફ આવતા તમામ ભારે વાહનોએ ગાવડકા ચોકડી (એન.એચ)- થઈ વિઠ્ઠલપુર-ફતેપુર થઈ એન.એચ. રોડ પરથી પસાર થવું. સાવરકુંડલાથી બગસરા તરફ જતા નાના વાહનોએ અમરેલી સિટીમાંથી પસાર થઈને જેસીંગપરા થઈ રાધેશ્યામ સર્કલથી બગસરા તથા બગસરા તરફથી સાવરકુંડલા, અમરેલી તરફ આવતા નાના વાહનોએ રાધેશ્યામ સર્કલથી જેસીંગપરા થઈ અમરેલી સિટીમાંથી પસાર થવું. આ જાહેરનામુ, તા.૧૬.૦૭.૨૦૨૫ થી પુલ નવો ન બને ત્યાં સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ અન્વયે શિક્ષાપાત્ર ઠરશે.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com





# ધારાસભ્ય ચૈતર વસાવાની ગેરકાયદે ધરપકડના વિરોધમાં અમરેલી કલેકટરને 'આપ' દ્વારા આવેદનપત્ર અપાયું

અમરેલી,તા.૧૬



આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની ગેરકાયદે ધરપકડ કરનારાઓ સામે કાર્યવાહી કરવા માટે પક્ષના કાર્યકરોએ અમરેલી કલેકટર મારફત આજે મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું છે. તેમણે આવેદનમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી ભાજપની કિન્નાખોરીથી તેમની સામે ૧૩ જેટલા ખોટા કેસ થયા હતા. તેમાંથી ૧૨ કેસમાં નિર્દોષ સાબિત થયા છે અને એક કેસ કોર્ટમાં પેન્ડિંગ છે. સરકારના મનરેગા યોજનામાં રૂ. ૭૪૯ કરોડ જેટલું કૌભાંડ બહાર આવતા, તેને અટકાવવા ચૈતર વસાવા ઉપર ખોટા કેસ કરનાર તાલુકા પંચાયત પ્રમુખ સંજય વસાવા અને નર્મદા જિલ્લા પોલીસ વિરુદ્ધ કડક કાર્યવાહી થાય તેવી આમ આદમી પાર્ટી, આદિવાસી સમાજ અને અન્ય સમાજની માગણી છે.

# જાફરાબાદના વાંઢથી વારાહસ્વરૂપ માર્ગ પર કન્ટેનર ફસાતા ટ્રાફિક જામ

જાફરાબાદ તા ૧૬

જાફરાબાદ તાલુકાના વાંઢ ગામથી વારાહસ્વરૂપ માર્ગ પર કન્ટેનર ફસાઈ જતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જાફરાબાદ પંથકમાં અનેક મહાકાય કંપનીઓ આવેલી છે જેમાં ખાસ કરીને સ્વાન કંપની તેમજ અલ્ટ્રાટેક કંપનીના ઓવરલોડિંગ વાહનો વાંઢ ગામથી વારાહસ્વરૂપ ગામ જતા હોય તેના કારણે આ માર્ગ પર છાશવારે



તસવીર : બાબુ વાઢેળ

ટ્રાફિક સમસ્યા સર્જાય છે. આ બાબતે વાંઢ ગામના લોકોએ અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા આજદિન સુધી કોઈપણ પ્રકારની કાર્યવાહી કરી નથી. સરપંચ શામળાભાઈ રબારીએ જણાવ્યું હતું કે ઓવરલોડિંગ વાહનોને કારણે વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. માર્ગ મકાન ખાતા દ્વારા રોડની બંને બાજુ માટીનું પુરાણ કરવામાં ન આવતા વાહનો પલટી મારી જતા હોય છે જેમાં કોન્ટ્રાક્ટરની બેદરકારી પણ સામે આવી છે. આમ વાંઢ ગામથી વારાહસ્વરૂપ ગામ વચ્ચે વારંવાર સર્જાતા ટ્રાફિક જામથી ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. ગ્રામજનોની સમસ્યાનું તંત્ર તાત્કાલિક નિરાકરણ કરે તેવી માંગ કરવામાં આવી છે.

# અમરેલીથી સોમનાથ જવા માટે વધારાની બસ શરૂ કરાશે

અમરેલી,તા.૧૬

અમરેલી એસ.ટી.વિભાગ દ્વારા આગામી શ્રાવણ માસ નિમિત્તે સોમનાથ જવા માટે એક્સ્ટ્રા બસ ચલાવવાનો નિર્ણય કર્યો છે. અમરેલી એસ.ટી.વિભાગના આ નિર્ણયથી ભાવિકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. વિભાગીય નિયામક દ્વારા સમયપત્રક પણ બહાર પાડવામાં આવ્યું છે. જેમાં અમરેલીથી સોમનાથ સવારે ૬ કલાકે, સોમનાથથી અમરેલી ૧૦:૪૫ કલાકે બસ મળશે તેમજ અમરેલીથી સોમનાથ એક્સપ્રેસ બસ સવારે ૭:૩૦ કલાકે વાયા ચલાલા, ધારી, વિસાવદર, મેંદરડા, તાલાલા થઈને સોમનાથ પહોંચશે. આ બસ આ રૂટ પર ૧૨:૧૫ કલાકે પરત આવશે. જયારે અમરેલીથી સોમનાથ બપોરે ૨:૫૦ કલાકે ઉપડશે. આ બસ વાયા બગસરા, વિસાવદર, મોણીયા, મેંદરડા, સાસણ, વેરાવળ થઈને સોમનાથ પહોંચશે. આ બસ રાત્રી રોકાણ કરી બીજા દિવસે સવારે આ રૂટ પર સવારે ૬ કલાકે ઉપડશે. આમ, શ્રાવણ માસ દરમિયાન અમરેલી, બગસરા, ધારીના મુસાફરોને સોમનાથ જવા માટે બસ શરૂ થનાર હોવાથી ભાવિકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

**ધારી-બગસરાના મુસાફરોને પણ એક્સ્ટ્રા બસનો લાભ મળશે**

# નીતાબેન ચાવડાએ તાર ફેન્સીંગની સમય મર્યાદા વધારવા રજૂઆત કરી

**હાલ વાવણીની સિઝન હોવાથી મજૂરો મળતા નથી**

ખાંભા તા ૧૬

અમરેલી જિલ્લા પંચાયતના મહિલા સદસ્યા નીતાબેન અરવિંદભાઈ ચાવડાએ સરકારમાં રજૂઆત કરી છે કે અમરેલી જિલ્લાના ખેડૂત ખાતેદારોને હાલ સરકાર દ્વારા પાક રક્ષણ હેતુ માટે ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવાની સહાય આપવામાં આવેલ છે. મંજૂરી મળ્યા બાદ તાર ફેન્સીંગની કામગીરી ૩૦ દિવસમાં પૂર્ણ કરવાની જરૂરી સૂચના સરકાર તરફથી મળેલ છે પરંતુ હાલ વાવણીની સિઝન હોય ખેતમજૂરો વાવણીમાં રોકાયેલા હોય જેથી જરૂરી સમય મર્યાદામાં તાર ફેન્સીંગ થઈ શકે તેમ ન હોવાથી તાર ફેન્સીંગની સમય મર્યાદામાં વધારો કરવા જિલ્લા પંચાયતના સદસ્યાએ અંતમાં જણાવ્યું હતું.

# સહકારી આગેવાન દિલીપ સંઘાણીની નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સાથે શુભેચ્છા મુલાકાત

અમરેલી, તા.૧૬

એનસીયુઆઈ, ઈફકો અને ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સાથે મુલાકાત કરી હતી. આ તકે નીતિન ગડકરીએ જણાવેલ કે, સમગ્ર દેશની સડક અને પરિવહન યોજનાઓમાં ગુજરાત અગ્રેસર રીતે જોડાયેલ છે, નેશનલ કોરીડોરનો વિશાળ લાભ ગુજરાત મેળવી રહેલ



છે અને તેથી વિકાસમાં ગુજરાત અવલ્લ છે. આ મુલાકાત દરમિયાન દિલીપભાઈ સંઘાણીએ ગુજરાતના વિકાસમાં માર્ગ ક્ષમતા અને તેના દ્વારા કૃષિ પરિવહન પ્રવૃત્તિઓ સાથે કોઓપરેટિવ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા કાર્યો વિશે વિગતો આપી હતી. તેમણે કૃષિ ઉત્પાદકોના હિતમાં લેવાતા પગલા, ખાતર-બિજની વિતરણ વ્યવસ્થા તેમજ ટેકનોલોજીના ઉપયોગ થકી ખેડૂતને લાભ કેવી રીતે વધારવો તે અંગે ચર્ચા કરી હતી. નીતિન ગડકરીએ કૃષિ ક્ષેત્રના વિકાસ માટે તેમજ સહકારી ચળવળના મજબુતીકરણ માટેના યોગદાન બદલ દિલીપભાઈ સંઘાણીને અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલાની જે.વી. મોદી સ્કૂલના વિદ્યાર્થીઓએ અનોખો રોબોટ તૈયાર કર્યો



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલાની જે.વી. મોદી શાળાના વિદ્યાર્થીઓએ એક અનોખો રોબોટ તૈયાર કરી વિજ્ઞાન ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. આ રોબોટ તૈયાર કરવા માટે ટાંક ભવદીપ, સરવૈયા ભાર્ગવ અને ખોરાણી માહીરે ખુબ જ મહેનત કરી સફળતાપૂર્વક રોબોટ બનાવ્યો હતો. આ સિદ્ધિ બદલ શાળાના પ્રિન્સિપાલ જીતુભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલી કલેકટરના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિને લઈ સમીક્ષા બેઠક

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક કૃષિને લઈને સમીક્ષા બેઠક યોજાઇ હતી. જિલ્લામાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ પ્રેરિત થાય તે માટે



આત્મા પ્રોજેક્ટ ટીમ સક્રિય છે. ''મિશન'' અને ''નોન-મિશન'' યોજનાઓની પ્રગતિ અને કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. ખેડૂતોને પૂરતું પ્રોત્સાહન મળે તથા દરેક ખેડૂતને પ્રાકૃતિક કૃષિ વિષયક વિગતો પ્રાપ્ત થાય એ હેતુસર વિવિધ પ્રયાસો કરવાની જરુરિયાત પર બેઠકમાં ભાર આપવામાં આવ્યો હતો.

# મિશન આત્મનિર્ભર અંતર્ગત ITIના વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

અમરેલી,તા.૧૬

મિશન આત્મનિર્ભર અંતર્ગત અમરેલી આઈટીઆઈ ખાતે તાલીમાર્થીઓને ઉદ્યોગ સાહસિક બનવા માટે જરુરી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. ''મિશન આત્મનિર્ભર'' A TO E (Apprenticeship To Entrepreneurship) અંતર્ગત કુમ્સ કન્સ્ટ્રક્શન દ્વારા તાલીમાર્થીઓને પોતાના વ્યવસાય વિકસિત કરવા તેમજ શસકત બનાવવા એક યુનિક પ્રોગ્રામનું આયોજન તાજેતરમાં થયું હતું. જેમાં A TO E ના માધ્યમથી તાલીમાર્થીઓને Entrepreneur બનવા માટે જરુરી કૌશલ્ય અને તે કૌશલ્ય વિકાસવવા વિશે માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦થી વધુ તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ''મિશન આત્મનિર્ભર'' અન્વયે અમરેલી આઈ.ટી.આઈ. ખાતે A TO E કોર્નર ઉપલબ્ધ કરવામાં આવ્યું છે, જેનો વધુમાં વધુ તાલીમાર્થીઓને લાભ લેવા અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી સિટી પોલીસ સર્વેલન્સ ટીમે ચોરીના મોબાઈલ સાથે યુવકને ઝડપ્યો

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધીત અનડિટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરી આરોપી તથા મુદ્દામાલ ત્વરીતપણે પકડી પાડવા સૂચના આપી હતી. જે અન્વયે અમરેલી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા મિલકત સબંધીત અનડિટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરી આરોપી તથા મુદ્દામાલ ત્વરીતપણે



પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના તથા માર્ગદર્શન આપ્યું હતું. જે અન્વયે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સિટી પોલીસ સર્વેલન્સ ટીમે ટેક્નિકલ સોર્સ આધારે અનડિટેક્ટ રહેલ ગુનો ડિટેક્ટ કરી ચોરી કરેલ મોબાઈલ ફોન સાથે એક ઈસમને પકડી પાડ્યો હતો. અમરેલી બહારપરામાં રહેતા અલ્તાફભાઈ મુસાભાઈ કાલવા (ઉ.વ.૪૫) પાસેથી રૂપિયા ૧૦ હજારની કિંમતનો મોબાઈલ મળી આવ્યો હતો.

## અવસાન નોંધ

**કોડીનાર**

કોડીનાર નિવાસી સ્વ.દુર્લભદાસ પ્રાણજીવન ગટેચાના પત્ની વનીતાબેન (ઉ.વ.૭૯) તે, હરેશભાઇ (રાજકોટ), કેતનભાઈ (કેતન ક્લોથ સ્ટોર્સ - કોડીનાર), સરોજબેન વિનયકુમાર સોનપાલ (મુંબઇ), સ્વ. હર્ષાબેન (વેરાવળ), પ્રફુલ્લાબેન કિશોરભાઈ વસંત (જૂનાગઢ), દીનાબેન અશ્વિનભાઇ લાલચેતા (રાજકોટ), નયનાબેન રાજેશભાઈ ઠકરાર (દ્વારકા), જોલીબેન નલિનકુમાર ઉનડકટ (અમદાવાદ) ના માતા તેમજ સ્વ.જયંતીભાઈ તથા પ્રવીણભાઈના ભાભી, જેનિલભાઈના દાદીમા, તે રતિભાઈ મેઘજીભાઈ રાજપોપટ (ગડુ) ના બહેનનું તા.૧૫ ના રોજ દુ:ખદ અવસાન થયું છે.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 107

**ધો. ૧૦ પુરક પરિક્ષા પાસને ધો. ૧૧ આર્ટસ - કોમર્સ - સાયંસ પ્રવેશ મળશે**

| | |
|---|---|
| ★ ધો. ૧૧ સાયંસ ગર્લ્સ સ્કૂલ – બપોર | ★ ધો. ૧૧ કોમર્સ ગર્લ્સ સ્કૂલ – બપોર |
| ★ ધો. ૧૧ સાયંસ મિશ્ર સ્કૂલ – સવાર | ★ ધો. ૧૧ કોમર્સ મિશ્ર સ્કૂલ – સવાર |
| ★ ધો. ૧૧ સાયંસ EM સ્કૂલ – સવાર | ★ ધો. ૧૧ કોમર્સ EM સ્કૂલ – સવાર |
| ★ ધો. ૧૧ આર્ટસ ગર્લ્સ સ્કૂલ – બપોર | ★ ધો. ૧૧ આર્ટસ મિશ્ર સ્કૂલ – સવાર |

★ સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ - Since 1997





**-//એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ//-**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૮૧/૨૦૨૫ તા.૩૦/૦૬/૨૦૨૫

**વિવાદી :-** માધડ ડાયબેન ગોવિંદભાઈ તે ભીમાભાઈ કાનાભાઈ રાઠોડની પુત્રી

**-: વિરૂધ્ધ :-**

**પ્રતિવિવાદી :-** જન્મ મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત, મુ.કેરાળા, તા.લાઠી, જિ.અમરેલી

**-: જાહેર નોટીસ :-**

**(જન્મના દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.કેરાળા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો ડાયબેન ભીમાભાઈ રાઠોડનો જન્મ તા.૧૮/૦૨/૧૯૪૪ના રોજ કેરાળા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરવેલ ન હોય/મરણની નોંધ કરવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૦/૦૬/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**લાઠી**

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૭૯/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ભુપતભાઈ વિક્રમભાઈ મોરી
રહે.વલાદર, ગામ- વલાદર તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી એમ.આર.ડોડીયા રહે.કોડીનાર .....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વલાદર તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ **......સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વલાદર ગામના રહીશ શ્રી ભુપતભાઈ વિક્રમભાઈ મોરી તથા શ્રી ધનીબેન ભુપતભાઈ મોરી ની પુત્રી શ્રી નિવાબેન ભુપતભાઈ મોરી નો જન્મ તા. ૧૦/૦૧/૨૦૨૦ ના રોજ કોડીનાર તાલુકાના વલાદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના વલાદર ગામના સને.૨૦૨૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૮૯/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી લાભુબેન હમીરભાઈ રાઠોડ વા/ઓ અરસીભાઈ પરમાર
રહે.સ્યુગર ફેકટરી પાછળ, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી એમ.એમ.કાતિરા રહે.કોડીનાર .....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પણાંદર તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ **......સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના પણાંદર ગામના રહીશ હમીરભાઈ લખમણભાઈ રાઠોડ તથા અજાઈબેન હમીરભાઈ રાઠોડ ના પુત્ર ભરતભાઈ હમીરભાઈ રાઠોડ નો જન્મ તા. ૦૧/૦૫/૧૯૮૧ ના રોજ કોડીનાર તાલુકાના પણાંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના પણાંદર ગામના સને.૧૯૮૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૧૮/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી વજુભાઈ દાનાભાઈ પરમાર
ગામ- કાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી જી.પી.રાઠોડ રહે.કોડીનાર .....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, કાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ **......સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ શ્રી દાનાભાઈ પુંજાભાઈ પરમારના પત્ની કાનુબેન દાનાભાઈ પરમારનું મરણ તારીખ: ૦૩/૦૨/૨૦૦૮ ના રોજ કોડીનાર તાલુકાના કાજ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના કાજ ગામના સને.૨૦૦૮ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા).**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# વડીયાના તોરી અને ખાન ખીજડીયા ગામે વીજ ચોરી કરતા બે શખ્સો સામે કડક કાર્યવાહી

વડીયા,તા.૧૬

અમરેલી જિલ્લામાં અસામાજિક તત્વો સામે પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. થોડા દિવસો પહેલા અમરેલીમાં પોલીસે સરકારી દબાણ દૂર કરી અસામાજિક તત્વોને કડક કાર્યવાહીનો સંદેશો આપ્યો હતો ત્યારબાદ ગઈકાલે ધારીના પ્રેમપરામાં પણ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી હતી.



તો બુધવારે વડીયા તાલુકાના તોરી અને ખાન ખીજડીયા ગામે પોલીસે ૨ ઈસમોના વીજ કનેક્શન કાપી નાખ્યા હતા. વડીયાના પીએસઆઈ અને વીજ ટીમ દ્વારા તોરી ગામેથી ચિરાગપરી ચંદુપરી ગોસાઈ અને ખાન ખીજડીયા ગામે કુલદીપ ભીખાભાઈ બસીયા નામના બંને ઈસમો સામે જરૂરી પુરાવા એકત્ર કરી નિયમો અનુસાર કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ભયનો માહોલ છવાયો છે.

# બાબરા અને સા.કુંડલામાં ઝેરી દવા પીનારા બે પુરુષના સારવાર દરમિયાન મોત

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં બે પુરુષોએ ઝેરી દવા પીતા સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. બાબરાના સુખપુર ગામે રહેતા મુકેશભાઈ મોહનભાઈ મકવાણા (ઉ.વ.૩૫) એ જાહેર કર્યા મુજબ, મોહનભાઈ ધરમશીભાઈ મકવાણા (ઉ.વ.૭૦)ને પગના સાંધાનો દુઃખાવો થતો હતો. જેનાથી કંટાળી જઈ ઘાસમાં છાંટવાની ઝેરી દવા પી જતાં સારવારમાં દાખલ કર્યા હતા. આ દરમિયાન તેમનું મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.વી. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલામાં ખોડીના રસ્તે આવેલી વાડીએ રહેતા પોપટભાઈ રણછોડભાઈ ઝીંઝુવાડીયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, કરણભાઈ પોપટભાઈ ઝીંઝુવાડીયા (ઉ.વ.૨૧)ને છેલ્લા સાત વર્ષથી માનસિક બીમારી હતી. જેનાથી કંટાળી મોનોકોટો પી જતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

**પરિવારજનો શોકમગ્ન બન્યા**

# ધોળાદ્રી-જાફરાબાદ રોડ પર ગોળાઈમાં એસટી બસે ટુવ્હીલચાલકને ટક્કર મારી

**બેંકનું કામ પતાવીને ઘરે પરત ફરતો યુવક ઈજાગ્રસ્ત**

જાફરાબાદ, તા.૧૬

અમરેલી જિલ્લામાં અકસ્માતનો સિલસિલો વણથંભ્યો રહ્યો હતો. ધોળાદ્રી-જાફરાબાદ રોડ પર ગોળાઈમાં એસટી બસે ટક્કર મારતાં યુવક ઈજાગ્રસ્ત થયો હતો. બનાવ અંગે જીકાદ્રી ગામે રહેતા આણંદભાઈ ગોવિંદભાઈ પરમાર (ઉ.વ.૨૭)એ એસ ટી બસ નંબર જીજે-૧૮-ઝેડ-૩૬૨૭ના ડ્રાયવર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ બેંકનું કામ પતાવીને પોતાના ગામ નવી જીકાદ્રી આવતા હતા તે સમયે બપોરે બે વાગ્યા આસપાસ ધોળાદ્રી ગામ પાસે રોડ પર ગોળાઈમાં પહોંચતા સામેથી આવતી એસટી બસના ચાલકે ટક્કર મારી હતી. જેમાં તેમને ફ્રેક્ચરની ઈજા પહોંચી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એન. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ખેરા સરકારી દવાખાના ખાતે સ્ત્રી નસબંધી કેમ્પ દ્વારા ફેમિલી પ્લાનિંગની કરાતી સુંદર કામગીરી

રાજુલા, તા.૧૬

૧૧ થી ૧૮ જુલાઈ અંતર્ગત વિશ્વ વસ્તી પખવાડિયાની ઉજવણીના ભાગ રૂપે નાનું કુટુંબ સુખી કુટુંબની ભાવનાને ચરિતાર્થ કરવાના ભાગ રૂપે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.રશ્મિકાંત જોષીના માર્ગદર્શન હેઠળ રાજુલા તાલુકાના પ્રા.આ.કેન્દ્ર ખેરા ખાતે સ્ત્રી નસબંધી કેમ્પના આયોજન દ્વારા ૦૮ લક્ષિત દંપતીઓના નસબંધીના ઓપરેશન


તસવીર : ગોપાલ રાઠોડ

કરવામાં આવ્યા હતા. જેમાં ૨૦૧૨ થી અત્યાર સુધીમાં લક્ષિત દંપતીના ૧૦૪૬ સ્ત્રી નસબંધીના ઓપરેશન કરવામાં આરોગ્ય કેન્દ્ર ખેરાના સ્ટાફને સફળતા મળી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખેરા જેમાં ૦૯ ગામોના આરોગ્ય સ્ટાફ દ્વારા ઘરે ઘરે જઈને ૨ થી વધારે બાળકો તેમજ ઓપરેશન માટે જરૂરિયાત વાળા લક્ષિત દંપતીઓને ફેમિલી પ્લાનિંગ પદ્ધતિ વિશે સાચું માર્ગદર્શન આપી ૨૦૧૨ થી અત્યાર સુધીમાં ખેરા સરકારી દવાખાના ખાતે ૧૦૧ કેમ્પ દ્વારા ૧૦૪૬ સ્ત્રી નસબંધીના ઓપરેશન કરાવવામાં સુપરવાઈઝર ભનુભાઈ લાડુમોર સહિતના આરોગ્ય કર્મચારીઓની નિષ્ઠા અને ધગશના કારણે સફળતા મળી હતી.

# સાવરકુંડલામાંથી રીક્ષા ચાલકનો મોબાઈલ ચોરાયો

**રીક્ષાચાલકે અજાણ્યા ઈસમ સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલામાં રહેતા એક રીક્ષાચાલકનો મોબાઈલ રસ્તામાં પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. કિશનભાઈ કાળુભાઈ મકવાણા (ઉ.વ.૨૭)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ રીક્ષાનું પંચર કરાવીને મુરલીધર છાત્રાલય પાસે આવેલી ચામુંડા ગેરેજ નામની દુકાનેથી નીકળ્યા હતા. આ સમયે તેમનો મોબાઈલ ક્યાંક પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ચોરી કરીને લઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ ડી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાં ૩૩ વર્ષની નોકરીમાંથી નિવૃત્તિ બાદ ગળધરા ખોડિયારે લાપસીનું આયોજન કર્યું

ધારી, તા.૧૬

ધારી ગ્રામ પંચાયતમાં છેલ્લા ૩૩ વર્ષથી નિષ્ઠાપૂર્વક નોકરી કરી નિવૃત્ત થતા નારણભાઈ વાધવાણી પરિવાર દ્વારા ધારી ગળધરા ખોડિયાર માતાજીના મંદિરે લાપસીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે નિવૃત્ત થતા નારણભાઈ વાધવાણીનું બજરંગ ગ્રુપ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય જે.વી.


તસવીર : સંજય વાળા

કાકડીયા, જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી, બજરંગ ગ્રુપના પ્રમુખ પરેશભાઈ પટણી, જીતુભાઈ જોશી, હરેશભાઈ મકવાણા, કે.કે. ચૌહાણ, ભરતભાઈ શેઠ, હિરેનભાઈ પટણી, ધર્મેન્દ્રભાઈ લહેરુ, મહેશભાઈ પરમાર, દીપકભાઈ પંડ્યા સહિતના હાજર રહ્યાં હતા.

# સા.કુંડલાની દોશી ગર્લ્સ સ્કૂલના શિક્ષિકાને વિદાયમાન અપાયું



અમરેલી,તા.૧૬

સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલના શિક્ષિકા તૃપ્તિબેન ભરાડનો વિદાય સમારંભ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થયા બાદ આચાર્યએ પોતાના પ્રવચનમાં તૃપ્તિબેન ભરાડની શૈક્ષણિક સેવાઓને બિરદાવી હતી. શાળા દ્વારા તૃપ્તિબેનને શાલ અને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તૃપ્તિબેને પોતાના પ્રવચનમાં શિક્ષકો અને વિદ્યાર્થિનીઓનો આભાર માન્યો હતો.

# અમરેલીના સમર્થ વ્યાયામ મંદિરમાં ગુરુપૂર્ણિમાની અનોખી ઉજવણી

અમરેલી, તા.૧૬

અમરેલીમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે સમર્થ વ્યાયામ મંદિર ખાતે ક્રિએટિવ યોગા ગ્રુપની બહેનો દ્વારા વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી. વર્ષોથી આ અખાડામાં ચાલતા બહેનોના યોગા વર્ગની પરંપરા જાળવી રાખતાં, આ વર્ષે પણ ઉત્સાહભેર ગુરુપૂર્ણિમા ઉજવાઈ હતી. આ પ્રસંગે, બહેનોએ વિવિધ યોગાસનોનું પ્રાયોગિક નિદર્શન કર્યું અને તેના



ફાયદા સમજાવ્યા હતા. યોગ અને પ્રાણાયામને લગતી પ્રવૃત્તિઓ ઉપરાંત, ગુરુપૂર્ણિમાને અનુરૂપ સાંસ્કૃતિક નૃત્યો પણ રજૂ કરવામાં આવ્યા હતા. યોગા વર્ગમાં સેવા આપતા પારૂલબેન ગાંધી, મમતાબેન મહેતા, સંગીતાબેન જીવાણી અને માધવીબેન ભટ્ટનું બહેનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: સાતમ
તા.૧૭-૦૭-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૩૩,
સૂર્યાસ્ત-૦૭:૨૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રેવતી

## દૈનિક રાશિફળ

તા.૧૭-૦૭-૨૦૨૫ ગુરૂવાર

- મેષ: આજે કોઇપણ નવા કાર્યને શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. તમારામાં નવી વસ્તુઓને જાણવાની ઇચ્છા રહેશે.
- વૃષભ: તમને કોઇ સારી સફળતા મળવાની છે. તમારાથી આ સમયે કોઇ ભૂલ થવાની શક્યતા છે. તણાવને હાવી થવા દેશો નહીં.
- મિથુન: જેટલો વધારે પરિશ્રમ કરશો તેટલું જ અનુકૂળ પરિણામ પણ પ્રાપ્ત થશે. દૈનિક કાર્યોને શાંતિથી પૂર્ણ કરશો. સ્વાસ્થ્ય સારું રહેશે.
- કર્ક: પાર્ટનરશિપને લગતા કાર્યોમાં પારદર્શિતા જાળવી રાખવી જરૂરી છે. તમારી દિનચર્યાને લગતા કાર્યોમાં સંપૂર્ણ ઊર્જા લગાવીને ધ્યાન આપી શકશો.
- સિંહ: પરિવાર સાથે હરવા-ફરવા તથા ડિનરનો પ્રોગ્રામ બનશે. કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી વિતેલી યાદો તાજા થશે.
- કન્યા: તમારા વિરોધીઓની ગતિવિધિઓ ઉપર નજર રાખો. વેપારમાં આજે કોઇ કામ પ્રત્યે વધારે મહેનતની જરૂરિયાત છે.
- તુલા: સંબંધોને મજબૂતી જાળવી રાખવાની તમારી કોશિશ સફળ થશે. સંબંધો ગાઢ બનશે. તમે તે દરેક વસ્તુ પ્રાપ્ત કરવાની કોશિશ કરશો.
- વૃશ્ચિક: પરિવારમાં વાતાવરણ સુખદ રહેશે. ધર્મ અને અધ્યાત્મ પ્રત્યે તમારો વધતો વિશ્વાસ પણ તમને શાંતિ અને માનસિક સુખ આપશે.
- ધન: વેપારમાં નવી પાર્ટીઓ તથા નવા લોકો સાથે વ્યવહાર કરતા સમયે થોડા સાવધાન રહો. સ્વાસ્થ્યને લગતી પરેશાની થઇ શકે છે.
- મકર: તમારી સહનશક્તિમાં ઘટાડો ન આવવા દેશો. બપોર પછી સમય ખૂબ જ શાંતિપૂર્ણ અને અનુકૂળ છે. અન્ય માટે પ્રેરણાદાયી રહેશે.
- કુંભ: રાજનૈતિક તથા અનુભવી વ્યક્તિની સલાહ તથા મદદ તમારા વ્યવસાયને નવી દિશા પ્રદાન કરશે. ઘરમાં કોઇ ધાર્મિક આયોજન પણ પૂર્ણ થઇ શકે છે.
- મીન: આ સમયે કોઇપણ પ્રકારનું દેવુ લેવાથી બચવું. વેપારમાં ફાયદો આપતી નવી યોજનાઓ બનશે. શારીરિક અને માનસિક થાક રહી શકે છે.

**ચાના પૈસાની ઉઘરાણી કરતાં**

# બાબરાના ખંભાળા ગામે ચાની હોટલ ચલાવતાં યુવકને જાનથી મારવાની ધમકી આપી

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

બાબરા, તા.૧૬

બાબરાના ખંભાળા ગામે રહેતા અને ચાની હોટલ ચલાવતાં એક યુવકે ચાના બાકી રૂપિયાની ઉઘરાણી કરતાં તેને ફટકારવામાં આવ્યો હતો. ઉપરાંત ગાળો બોલી, મુંઢ ઈજા પહોંચાડીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે મગનભાઈ વાલજીભાઈ મોરી (ઉ.વ.૪૨) એ વિપુલભાઈ વલ્લભભાઈ મેણીયા, વિમલભાઈ વલ્લભભાઈ મેણીયા તથા કમલેશભાઈ વલ્લભભાઈ મેણીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને તેમના ગામના વિપુલભાઈ પાસેથી ચાના ૯૦ રૂપિયા બાકી હતી. જે પૈસાની ઉઘરાણી કરતાં સારું નહોતું લાગ્યું અને માથાકૂટ કરી તેના બંને ભાઈઓને બોલાવી લીધા હતા. ત્રણેય આરોપીએ ભેગા મળી જેમ ફાવે તેમ ગાળો આપી હતી તેમજ માથાના ભાગે બાવળના લાકડા વડે ઘા મારી છ ટાંકાની ઈજા પહોંચાડી હતી. ઉપરાંત ઢીકાપાટુ વડે માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ વિપુલભાઈ વલ્લભભાઈ મેણીયા (ઉ.વ.૨૭)એ મગનભાઈ વાલજીભાઈ મોરી તથા ગૌતમ રાજુભાઈ મોરી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને મગનભાઈ મોરીને રૂ. ૯૦ આપવાના હતા. જેની ઉઘરાણી કરતાં તેમણે હાલ પૈસા નથી, પછી આપી દઈશ તેમ કહ્યું હતું. જેથી સારું ન લાગતાં ગાળો આપી હતી. તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.જી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના ધામેલ ગામે મહિલાના રહેણાંક મકાનેથી ૩ લીટર દેશી દારૂ મળ્યો

લાઠી, તા.૧૬

લાઠીના ધામેલ ગામે રહેતી એક મહિલાના રહેણાંક મકાને ૩ લીટર દેશી દારૂ મળ્યો હતો. પોલીસે કુલ ૬૧૮ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચલાલામાંથી પાંચ, જાફરાબાદમાંથી બે, અમરેલીમાંથી બે, વંડા, જાફરાબાદ, દામનગર, છભાડીયામાંથી મળીને કુલ ૧૩ પ્યાસી પકડાયા હતા.


**મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૬૬/૨૫ તા.૧૦/૦૭/૨૦૨૫

વિવાદી- શ્રી કંકુબેન કાનજીભાઈ પરમાર
મું.મોણપર, તા. બાબરા, જિ.અમરેલી.
મો.૯૯૦૯૩ ૯૬૭૬૯

- //વિરૂધ્ધ//-

પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, લોનકોટડા,બાબરા, ગ્રામ પંચાયત લોનકોટડા, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે. લોનકોટડા તા.બાબરાના રહીશ આ કામના અરજદારશ્રી કંકુબેન હમીરભાઈ ચાવડા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ ના રોજ મોજે. લોનકોટડા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૪/૦૭/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૩/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૫૧/૨૦૨૫

શ્રી કંચનબેન બટુકભાઈ માદળીયા
રે.સલડી, તા.લીલીયા, જી.અમરેલી ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, સલડી ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારાશ્રી કંચનબેન બટુકભાઈ માદળીયાના પુત્ર દિનેશભાઈ બટુકભાઈ માદળીયાના જન્મ તા.૦૧/૦૬/૧૯૮૨ના રોજ સલડી મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૫૨/૨૦૨૫

શ્રી કરશનભાઈ જાગાભાઈ માંદળીયા
રે.સલડી, તા.લીલીયા, જી.અમરેલી ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, સલડી ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારાશ્રી કરશનભાઈ જાગાભાઈ માંદળીયાના પુત્રી નયનાબેન કરશનભાઈ માંદળીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૮ના રોજ સલડી મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**તંત્રી લેખ**

# પ્રદૂષણ નિયંત્રણ માટે ટેકનોલોજી

આપણા દેશમાં વાયુ પ્રદૂષણનું પ્રમાણ માનીએ એના કરતાં વધુ થઈ રહ્યું છે. જમીન, સમુદ્રથી માંડીને વાતાવરણમાં પ્રદૂષણ માની ન શકાય તેટલું વધી રહ્યું છે. ખાસ કરીને ઈન્ડસ્ટ્રીયલ પોલ્યુશનમાં ઝેરી ગેસનું પ્રમાણ વધતું જાય છે ખાસ કરીને જે તે ઉદ્યોગોમાં ઝેરી ગેસને કારણે અનેક માનવી મોતને ભેટે છે. આ ઉપરાંત ઓટો મોબાઈલનું પ્રદૂષણ પણ જેવું તેવું નથી. વાયુ પ્રદૂષણના નિયંત્રણ માટે રોજ નવા સંશોધનો થાય છે આમ છતાં આ પ્રદૂષણ નિયંત્રણમાં આવતું નથી. ઈન્ડસ્ટ્રીયલ એક્સિડેન્ટ વધતા જાય છે જ્યારે ગેસ લીકેજ થવાથી અનેક માનવીઓ મોતને ભેટે છે. માત્ર ઉદ્યોગોમાં જ નહીં પરંતુ મોટા શહેરોની ગટર સાફ કરનારાઓ પણ ગેસને કારણે મરી રહ્યા છે. ગેસને ઓળખવો ખૂબ મુશ્કેલ કામ છે અમુક ગેસ એવા છે જેનામાં રંગ કે ગંધ નથી. આ ગેસ અદ્રશ્ય હોવાથી તેને ઓળખી શકાતા નથી પરંતુ તાજેતરમાં થયેલા એક નવા સંશોધન પ્રમાણે એવા સેન્સર શોધવામાં આવ્યા છે જે ગેસને ઓળખી શકે છે, તેના અસ્તિત્વને જાણી શકે છે અને ચેતવણી પણ આપી શકે છે. પરંતુ હવે એક સસ્તું સ્વદેશી સેન્સર તમને હવામાં રહેલા ઝેરી વાયુઓ વિશે ચેતવણી આપશે. બેંગલુરુના વૈજ્ઞાનિકોએ એક ઓછા ખર્ચે સેન્સર વિકસાવ્યું છે જે હવામાં હાજર ઝેરી સલ્ફર ડાયોક્સાઈડ ($SO_2$) ગેસને વાસ્તવિક સમયમાં શોધી શકે છે. આ ગેસ શ્વસન રોગોથી લઈને ફેફસાને કાયમી નુકસાન પહોંચાડી શકે છે. આ નવું સેન્સર બેંગલુરુ સ્થિત સેન્ટર ફોર નેનો એન્ડ સોફ્ટ મેટર સાયન્સના વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવવામાં આવ્યું છે. તેને બનાવવામાં નિકલ ઓક્સાઈડ અને નિયોડીમિયમ નિકલેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આમાં, નિકલ ઓક્સાઈડ ગેસ શોધી કાઢે છે, જ્યારે નિયોડીમિયમ નિકલેટ સિગ્નલને કાર્યક્ષમ રીતે પ્રસારિત કરે છે. તેની વિશેષતા એ છે કે આ સેન્સર ૩૨૦ પાર્ટ્સ પર બિલિયન (ppb) જેટલી ઓછી માત્રામાં સલ્ફર ડાયોક્સાઈડ પણ શોધી શકે છે. આ સેન્સર શા માટે જરૂરી છે એનું શું મહત્વ છે? એ વસ્તુ સર્વ કોઈ માટે ઉપયોગી છે. આ સેન્સર એટલા માટે જરૂરી છે કે તેના ઉપયોગથી ગેસના અસ્તિત્વને જાણી શકાય છે અને તે માટે તાત્કાલિક પગલાં લઈ શકાય છે માટે આ સેન્સર આજના સમયમાં ખૂબ જ જરૂરી વસ્તુ બની જશે. આ સેન્સર દ્વારા સલ્ફર ડાયોક્સાઈડ અને વાહનો, પાવર પ્લાન્ટ અને ઔદ્યોગિક એકમોમાંથી નીકળતા ઘાતક વાયુ પ્રદૂષકને ઓળખી શકે છે. આ ગેસ અસ્થમા, શ્વાસ લેવામાં તકલીફ અને ફેફસાને નુકસાન પહોંચાડે છે. હાલની દેખરેખ પ્રણાલીઓ કાં તો ખૂબ ખર્ચાળ છે અથવા પ્રદૂષણના નીચા સ્તરને શોધવા માટે પૂરતી સંવેદનશીલ નથી. આ પડકારને ઉકેલવા માટે આ નવી સેન્સર સિસ્ટમ ઉભરી આવી છે. વૈજ્ઞાનિકો કહે છે કે જો આ સેન્સરનું ઉત્પાદન અને વિતરણ મોટા પાયે કરવામાં આવે તો ભારતના શહેરી અને ઔદ્યોગિક વિસ્તારોમાં ઓછા ખર્ચે હવા ગુણવત્તા દેખરેખ નેટવર્ક સ્થાપિત કરી શકાય છે. આ ફક્ત નીતિ નિર્માણમાં તો મદદ કરશે સાથે પર્યાવરણીય કટોકટી વ્યવસ્થાનો આધાર પણ બનાવી શકે છે. આ સાથે, શાળા શિક્ષણ, આરોગ્યસંભાળ અને સ્માર્ટ સિટી મિશનમાં પણ તેનો સમાવેશ શક્ય છે. આપણા દેશમાં મેટ્રોસિટીમાં વાયુ પ્રદૂષણનું પ્રમાણ માની ન શકાય તેટલું વધતું જાય છે ખાસ કરીને પાટનગર દિલ્હી ગેસ ચેમ્બર જેવું બની ગયું છે તો ગુજરાતમાં અમદાવાદ, બરોડા, સુરત, રાજકોટ અને ભાવનગર જેવા શહેરોમાં ઓટોમોબાઈલ અને ઈન્ડસ્ટ્રીયલ પોલ્યુશન કંટ્રોલ કરવામાં આ નવી શોધ ઉપયોગી નિવડશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. ખાસ કરીને ભાવનગરના ઉદ્યોગો અને અલંગ શિપયાર્ડમાં આવો કોઈ ગેસ હોય તો તેની પરખ માટે આ સેન્સર ઉપયોગમાં લઈ શકાશે. જેના કારણે આવા સેન્સરના ઉપયોગથી પર્યાવરણનું જતન થશે.

# નાટો કરતા ભારત માટે રશિયા સાથેના દાયકાઓ જુના સંબંધો વધુ મહત્વના છે


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



આજના વૈશ્વિક રાજકારણમાં જ્યારે કોઈ દેશ બીજાને ધમકી આપે છે, ત્યારે તે સામાન્ય રીતે સીધું નામ લેતો નથી. પરંતુ આ વખતે નાટો (NATO) ના મહાસચિવે ભારતનું નામ લઈને રશિયા સાથેના તેના સંબંધો અંગે ચેતવણી આપી છે. નાટો મહાસચિવ માર્ક રુટેએ જણાવ્યું કે જો ભારત રશિયા સાથે વેપાર ચાલુ રાખશે તો તેને કડક પ્રતિબંધોનો સામનો કરવો પડશે. તેમણે ખાસ કરીને ભારત, ચીન અને બ્રાઝિલ જેવી દેશોના ઉલ્લેખ સાથે આ નિવેદન આપ્યું. ભારતે જોકે કોઈ પણ પ્રકારની ધમકીનો સીધો જવાબ આપ્યો નથી, પરંતુ તેણે રશિયા સાથેના વ્યાપારી સંબંધો યથાવત્ રાખીને પોતાની સ્પષ્ટ નીતિ દર્શાવી છે. ભારત આ મુદ્દે દબાણમાં આવતું નથી અને પોતાના હિત અને સહયોગની નીતિ પર સ્પષ્ટ છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે થોડા દિવસ પહેલાં કહ્યું હતું કે જો રશિયા આગામી ૫૦ દિવસમાં યુક્રેન યુદ્ધ અટકાવશે નહીં, તો એના અને તેની સાથે વેપાર કરનારા દેશો પર ૧૦૦% ટેરિફ લાગુ કરશે. આ હેઠળ તેઓએ 'સેકન્ડરી ટેરિફ'ની પણ વાત કરી, જે રશિયા સાથે સંપર્ક રાખનારા દેશોને લાગુ પડે છે. સામાન્ય રીતે અમેરિકા ભારત જેવા મોટા વેપારી ભાગીદાર પર સીધા ટેરિફ લાગુ કરતું નથી, પરંતુ દબાણ એક નમૂનામાં છે. જો કે, અમેરિકાએ હજુ સુધી ભારતને ટેરિફની કોઈ સત્તાવાર નોટિસ પાઠવી નથી. રશિયાના વિદેશ મંત્રી સેરગેઈ લાવરોવે ટ્રમ્પની ટેરિફ ધમકીનો ખુલ્લેઆમ પ્રતિકાર કર્યો છે. તેમણે કહ્યું કે રશિયા અગાઉથી અનેક અપ્રતિમ પ્રતિબંધોનો સામનો કરી ચૂક્યું છે અને હવે પણ તે માટે તૈયાર છે. તેમણે સ્પષ્ટ કર્યું કે રશિયા કોઈ દબાણમાં આવશે નહીં. SCO (શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન) ની બેઠક પછી રશિયા અને ભારત બંનેએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેઓ તેમના વ્યાપાર અને પરસ્પર સહકાર અંગે પોતાનું નિર્ધારિત વલણ જાળવી રાખશે. ભારત કોઈ પણ પક્ષના દબાણથી રાજીનામું આપતું નથી. ટ્રમ્પની વધતી નિરાશા અને રણનીતિ વિશ્વના બીજા દેશોમાં ટેન્શન વધારે છે કારણ કે અમેરિકા જો ટેરિફ વધુ નાખે તો તે દેશનું અર્થતંત્ર ડામાડોળ થઈ જાય. ટ્રમ્પે યુક્રેન યુદ્ધ અંગે પુતિન પ્રત્યે નિરાશા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે રશિયા અમેરિકા જે કહે તેના કરતાં વિરુદ્ધ કામ કરે છે. તેમણે યુક્રેનને પેટ્રિઅટ મિસાઈલ સિસ્ટમ આપવા જેવી જાહેરાતો પણ કરી. પરંતુ વિશ્વના મોટા દેશો હવે અમેરિકાની હંમેશાની ધમકીઓ સામે અભ્યાસપૂર્વક પ્રતિસાદ આપી રહ્યાં છે. નાટો અને અમેરિકાની આકસ્મિક ટીકા અને ચેતવણીઓ વચ્ચે ભારતની નીતિ સ્થિર રહી છે. ભારત અને રશિયાના સંબંધો દાયકાઓ જુના છે. જે "મજબૂત પરંપરા, વિશ્વાસ અને સહકારના આધાર પર ઉભેલો દ્વિપક્ષીય સંબંધ" છે. ભારત અને રશિયા (પૂર્વે સોવિયત સંઘ) વચ્ચેના સંબંધો દશકો જૂના અને બહુવિધ ક્ષેત્રોમાં વિસ્તૃત છે. આ બંને દેશો વચ્ચેનો સંબંધ માત્ર રાજકીય અને કૂટનીતિક જ નથી, પરંતુ આર્થિક, સાંસ્કૃતિક, રક્ષણક્ષેત્ર અને વૈજ્ઞાનિક સહકાર સુધી વિસ્તરેલો છે. ભારત અને રશિયાના સંબંધોની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ નવી નથી. સોવિયત સંઘ અને ભારત વચ્ચે ૧૯૫૦ના દાયકાથી જ મિત્રતા શરૂ થઈ હતી. ૧૯૭૧માં બંને દેશોએ "શાંતિ અને મિત્રતાનો કરાર" કર્યો, જે ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન અત્યંત મહત્વપૂર્ણ સાબિત થયો. આ દરમિયાન રશિયાએ ભારતના પરમમિત્ર તરીકે મદદરૂપ ભૂમિકા ભજવી. ભારત અને રશિયા વચ્ચે કૂટનીતિક સંબંધો વિકસિત થયેલા છે. ૧૯૯૧માં સોવિયત સંઘના વિખંડન પછી રશિયા અને ભારત વચ્ચેના સંબંધો નવી દિશામાં આગળ વધ્યા. બંને દેશો ઉચ્ચ સ્તરે નિયમિત મુલાકાતો અને સંવાદ દ્વારા પોતાના સંબંધોને વધુ મજબૂત બનાવતા આવ્યા છે. બંને દેશો BRICS, SCO (Shanghai Cooperation Organisation), G20 જેવી અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સાથે કાર્યરત છે. "વાર્ષિક શિખર બેઠક" દ્વારા બંને દેશો દર વર્ષે એકબીજાના વડાપ્રધાન/રાષ્ટ્રપતિ સાથે બેઠક કરે છે. બંને દેશો વચ્ચે સંરક્ષણક્ષેત્રમાં સહકાર જેવો તેવો નથી. રશિયા ભારતનો સૌથી મોટો રક્ષણ સાથી રહ્યો છે. ભારતના મોટાભાગના લડાકૂ વિમાન, ટેન્કો અને પાંજરાં તંત્રો રશિયાથી આયાત થયેલા છે. જેમાં Su-30MKI લડાકૂ વિમાનો, INS વિક્રમાદિત્ય એરક્રાફ્ટ કેરિયર, બ્રહ્મોસ મિસાઈલ પ્રોજેક્ટ (ભારત-રશિયા સહયોગ) ચાલી રહ્યો છે. S-400 એર ડિફેન્સ સિસ્ટમ પણ રશિયાએ આપેલી છે. આર્થિક અને ઊર્જા ક્ષેત્રે ભારત અને રશિયા સહયોગી દેશો છે. ભારત અને રશિયા વચ્ચે વેપાર અને ઊર્જા ક્ષેત્રે પણ સહકાર સતત વિકસે છે. રશિયા ભારતને ક્રૂડ ઓઈલ અને ન્યુક્લિયર ટેક્નોલોજી સપ્લાય કરે છે. કૂડાંકુલમ ન્યુક્લિયર પ્લાન્ટ એ બંને દેશોના ન્યુક્લિયર સહયોગનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઉપરાંત સંસ્કૃતિ અને લોકસંપર્ક પણ બંને દેશો વચ્ચે સદીઓ જૂનો છે. રશિયામાં ભારતીય સિનેમા, સંસ્કૃતિ અને યોગ ખૂબ જ લોકપ્રિય છે. ભારતની પણ રશિયન સાહિત્ય અને સંગીત સાથે પરિચિતતા છે. વિદ્યાર્થીઓના એડજસ્ટમેન્ટથી લઈને પર્યટન સુધી, બંને દેશોમાં લોકસંપર્ક વધતો જાય છે. આજની પરિસ્થિતિમાં ભારત-રશિયા સંબંધ નવી ઊંચાઈ પર પહોંચ્યા છે. વિશ્વમાં ભૌગોલિક રાજકારણના બદલાતા પરિપ્રેક્ષ્યમાં ભારત અને રશિયા નવા સાંસ્કૃતિક અને વ્યાપારી માળખા માટે પ્રયાસશીલ છે. પશ્ચિમ દેશો અને નાટો સામે રશિયાની સ્થિતિને લઈને ભારત એક સંતુલિત નીતિ અપનાવે છે. ભારતને પોતાની સ્ટ્રેટેજિક સ્વતંત્રતાને જાળવી રાખવી છે, એ રીતે બંને દેશો મ્યુચ્યુઅલ રસના ક્ષેત્રોમાં કામ કરતા રહે છે. ભારત અને રશિયાના સંબંધો સમયની કસોટી પર ખરા ઊતર્યા છે. વિશ્વ રાજકારણમાં આવતા બદલાવ છતાં, આ મિત્રતા તટસ્થતા, મજબૂત ઈરાદા અને વ્યાપક સહયોગ પર અડગ રહી છે. ભવિષ્યમાં પણ આ સંબંધ વધુ મજબૂત બને એ તરફ બંને દેશો પ્રતિબદ્ધ છે. આથી અમેરિકા સહિતના નાટોની ધમકીથી ભારતના રશિયા સામેના સંબંધો તૂટી જાય તે માનવું ભૂલ ભરેલું છે. ભારત સ્વતંત્ર અને સંપ્રભુ દેશ તરીકે પોતાના લાભ અને વિશ્વશાંતિ માટે કાર્ય કરે છે. રશિયા સાથેના સંબંધો માટે ભારત કોઈ પણ દબાણ સ્વીકારતું નથી, અને આજના જટિલ વૈશ્વિક દૃશ્યમાં આ સ્પષ્ટ વલણ ભારતની રણનીતિશક્તિ દર્શાવે છે.

**ભારત અને રશિયાના સંબંધો અમેરિકા સહિતના નાટો દેશોને આંખના કણાની જેમ ખૂંચે છે. ગત સપ્તાહે અમેરિકાના દોરીસંચારથી નાટો દ્વારા ભારતને ધમકી આપવામાં આવી કે રશિયા સાથે વ્યાપારિક સંબંધો તોડો નહીં તો સજા થશે. પરંતુ ભારત કે રશિયા આ ધમકીને કોઈ સંજોગોમાં ગણકારવાના નથી.**

## શબ્દ સંજોગ-૨૦૩૬



**આડી ચાવી :**
(૧) ફતેહ, સિદ્ધિ (૪)
(૪) બૂમ પાડીને રડવું તે (૨)
(૭) ઘોડા તથા બળદની એક પ્રકારની ચાલ (૩)
(૮) મૂળ ઉપરથી ઉતારેલું બીજુ લખાણ (૩)
(૧૦) આસક્તિ, અનુરાગ (૨)
(૧૧) મહી અને ઢાઢર નદી વચ્ચેનો પ્રદેશ (૩)
(૧૨) જોડાની અંદર નાખવામાં આવતું નરમ છુટું પડે (૪)
(૧૪) એક તેલી બી કે તેનો છોડ (૨)
(૧૫) સ્ત્રી, અબળા (૨)
(૧૬) બોરડીનું ફળ (૨)
(૧૮) ખેદાન મેદાન, જમીનદોસ્ત (૩)
(૨૧) અનુકૂળ વખત, પ્રસંગ, લાગ (૨)
(૨૩) તપકીર, છીકણી, બજર (૪)
(૨૫) સાચું, વાસ્તવિક, ખરું (૨)
(૨૬) મુરાદ, ધારણા (આ-અ) (૪)
(૨૭) એક ફિલ્મ:.... લખન (૨)
(૨૮) એક અત્યંત ઝેરી પદાર્થ (૩)
(૨૯) દોરડા પર ચાલનાર સ્ત્રી (૨)

**ઉભી ચાવી :**
(૧) કાશી, વારાણસી (૪)
(૨) મહેસૂલ, જકાત (૨)
(૩) ઈતિહાસ (૪)
(૫) ધંતૂરો (૩)
(૬) ઘડિયાળમાં ....નાખવામાં આવે (૨)
(૯) આપદા, પીડા (૪)
(૧૧) સ્ત્રીઓનું નાકનું ઘરેણું, નથ (૨)
(૧૨) નદી (૩)
(૧૩) ત્રાસ, ભય (૩)
(૧૬) સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા .... કરાયેલો સત્યાગ્રહ (૪)
(૧૭) સફેદ (૨)
(૧૯) રાશિ, ઢગલો (૨)
(૨૦) પોપટ (૨)
(૨૨) સોગન, સમ (૩)
(૨૩) મૂળ, ઉત્પતિસ્થાન (૩)
(૨૪) વિષ્ણુનો પાંચમો અવતાર (૩)
(૨૬) ઓછું, ખરાબ (૨)

## શબ્દ સંજોગ-૨૦૩૫ જવાબ

**આડી ચાવી:** (૧) ખલખલુ (૩) બેરી (૬) ધરમ (૭) કર્પટ (૯) નખી (૧૦) સર (૧૧) સવા (૧૨) શૈલી (૧૩) નેણ (૧૪) સનદ (૧૬) મધ (૧૮) પોલું (૧૯) મર્ત્ય (૨૦) નાગ (૨૨) કોણ (૨૩) પાર (૨૪) થર (૨૫) ધારી (૨૬) શ્રાપ (૨૭) કરેણ (૨૮) શ્રી (૨૯) ડફ.
**ઉભી ચાવી :** (૧) ખલક (૨) ખર્વટ (૩) બેરખી (૪) રીમ (૫) સપર (૬) ધનવાન (૮) ર્પઅણ (અર્પણ) (૧૦) સલીમ (૧૧) સસલું (૧૩) નેમિનાથ (૧૫) દમણ (૧૭) ધરાર (૨૧) ગરક (૨૨) કોરી (૨૩) પાપડ (૨૫) ધાણ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૬૯૬ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૫ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૮૨૦ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૦૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૮૬ |
| બાજરી | ૩૬૬ | ૪૪૪ |
| તુવેર | ૧૦૮૫ | ૧૩૩૩ |
| ચણા પીળા | ૮૦૦ | ૧૨૦૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૧૫૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૯૦ |
| મગ | ૧૩૧૧ | ૧૬૨૧ |
| વાલ દેશી | ૧૦૫૦ | ૧૧૯૧ |
| ચોળી | ૧૦૩૦ | ૧૭૦૦ |
| વટાણા | ૮૦૦ | ૨૩૪૦ |
| કળથી | ૬૫૦ | ૮૧૧ |
| રાજમા | ૧૧૨૦ | ૧૫૦૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૬૦ |
| મગફળી જાડી | ૯૩૧ | ૧૧૯૦ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૧૭૧ |
| તલી | ૧૪૦૦ | ૧૯૭૨ |
| સુરજમુખી | ૧૨૬૦ | ૧૨૬૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૦૯ |
| અજમો | ૧૧૦૦ | ૧૬૫૦ |
| સુવા | ૧૧૧૧ | ૧૫૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૬ |
| સીંગફાડા | ૧૦૧૦ | ૧૩૬૫ |
| કાળા તલ | ૨૯૨૦ | ૩૮૫૦ |
| લસણ | ૬૨૦ | ૧૨૧૬ |
| ધાણા | ૧૨૬૦ | ૧૪૪૧ |
| મરચા સુકા | ૮૦૦ | ૮૦૦ |
| ધાણી | ૧૩૦૨ | ૧૪૮૪ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૭૫ |
| જીરૂ | ૩૪૬૦ | ૩૭૪૦ |
| રાય | ૧૧૫૦ | ૧૪૦૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૭૦ |
| ઇસબગુલ | ૧૨૪૦ | ૧૭૦૫ |
| અશેરીયો | ૧૨૩૬ | ૧૨૩૬ |
| કલોંજી | ૩૩૦૦ | ૪૩૩૦ |
| રાયડો | ૧૧૪૦ | ૧૨૮૦ |
| રજકાનું બી | ૪૬૦૦ | ૫૫૦૦ |
| ગુવારનું બી | ૯૪૦ | ૧૦૧૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| પપૈયા | ૧૮૦ | ૨૨૦ |
| બટેટા | ૧૮૦ | ૩૩૧ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૩૧૫ |
| ટમેટા | ૩૦૦ | ૭૦૦ |
| સુરણ | ૯૫૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૮૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૨૫૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૧૪૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૫૦ |
| કારેલા | ૬૫૦ | ૧૦૩૦ |
| સરગવો | ૨૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૧૧૦૦ | ૧૨૫૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૫૦ |
| કંટોળા | ૧૮૦૦ | ૨૪૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૫૦ | ૫૨૦ |
| મેથી | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| મગફળી લીલી | ૬૫૦ | ૧૨૩૦ |
| મકાઇ લીલી | ૨૩૦ | ૫૨૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૫૦ | ૧૦૭૫ |
| શિંગ મોટી | ૭૩૦ | ૧૧૮૮ |
| શિંગ દાણા | ૧૩૨૬ | ૧૬૧૫ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૪૫૧ |
| તલ સફેદ | ૧૧૫૦ | ૨૦૨૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૮૫૦ |
| તલ કાશ્મીરી | ૧૧૪૦ | ૨૧૧૫ |
| બાજરો | ૩૦૦ | ૪૬૨ |
| જુવાર | ૩૦૦ | ૮૨૨ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૬ |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૫૬૨ |
| મકાઈ | ૪૩૮ | ૪૩૮ |
| મગ | ૧૨૩૫ | ૧૪૯૬ |
| ચણા | ૮૭૦ | ૧૧૩૯ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૧૦૮ |
| તુવેર | ૮૦૦ | ૧૨૮૬ |
| કપાસ | ૮૪૦ | ૧૬૭૫ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૯૮ |
| જીરૂ | ૧૮૫૦ | ૩૪૪૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૩૭૦ |
| મેથી | ૮૧૫ | ૯૧૦ |
| સોયાબીન | ૬૨૫ | ૮૧૦ |
| કાંગ | ૨૭૫ | ૨૭૫ |
| અજમા | ૧૫૦૦ | ૧૯૦૦ |
| છોલે ચણા | ૧૧૨૮ | ૧૩૦૨ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૨૮૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૯૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શકકરીયા | ૭૩૦ | ૮૦૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૨૫૦ | ૧૩૬૦ |
| ગાજર | ૬૫૦ | ૭૫૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૮૨૦ | ૯૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ચોળા લીલાં | ૮૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૮૨૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૩૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૬૫૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૩૦ |
| બીટ | ૪૩૦ | ૫૦૦ |
| શીંગ ચોળા | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચાં લીલાં | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ સુકુ | ૬૨૦ | ૧૨૩૦ |
| મકાઇ | ૨૪૦ | ૩૮૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૫૦ |
| પાલક | ૮૦૦ | ૧૦૦૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૨૧ | ૧૬૫૧ |
| ઘઉં લોકવન | ૪૯૬ | ૫૬૬ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૦૦ |
| મગફળી જીણી | ૮૭૧ | ૧૦૮૬ |
| સિંગદાણા જાડા | ૧૨૫૦ | ૧૬૬૧ |
| સિંગ ફાડીયા | ૮૨૧ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૦૨૬ | ૧૩૨૬ |
| જીરૂ | ૨૯૫૧ | ૩૮૯૧ |
| કલંજી | ૩૦૦૧ | ૪૧૧૧ |
| વરીયાળી | ૮૫૧ | ૮૫૧ |
| ધાણા | ૯૫૧ | ૧૫૫૧ |
| લસણ સુકું | ૫૦૧ | ૧૦૫૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૨૭૧ |
| અડદ | ૧૦૮૧ | ૧૪૧૧ |
| તુવેર | ૧૦૨૧ | ૧૨૯૧ |
| મેથી | ૭૧૧ | ૧૧૫૧ |
| સુવાદાણા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| કાંગ | ૨૩૧ | ૫૨૧ |
| મગફળી જાડી | ૭૮૧ | ૧૨૩૧ |
| સફેદ ચણા | ૧૧૩૧ | ૨૦૮૧ |
| મગફળી નવી | ૬૫૦ | ૧૨૪૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૫૦૧ |
| ડુંગળી સફેદ | ૧૫૧ | ૨૧૧ |
| બાજરો | ૩૦૧ | ૪૦૧ |
| જુવાર | ૪૫૧ | ૭૫૧ |
| મકાઇ | ૪૩૧ | ૪૫૧ |
| મગ | ૧૧૫૧ | ૧૭૧૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૮૬ |
| વાલ | ૬૩૧ | ૧૧૭૧ |
| ચોળા / ચોળી | ૭૫૦ | ૧૪૭૧ |
| સોયાબીન | ૭૧૧ | ૮૫૧ |
| રજકાનું બી | ૩૪૩૧ | ૩૪૩૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૨૧ |
| વટાણા | ૨૧૯૧ | ૨૧૯૧ |

### ગોંડલ(શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૪૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૩૮૦ | ૩૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૩ | ૧૨ |
| મૂળા પુરા | ૧૦ | ૧૫ |
| ફોદીનો પુરા | ૫ | ૧૨ |
| કાચા કેળા | ૩૦૦ | ૪૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| કનટોલા | ૨૪૦૦ | ૨૮૦૦ |
| પરવર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૮૪૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૮૦ | ૫૦૦ |
| લસણ પુરા | ૩૦ | ૪૦ |
| પાલક પુરા | ૨ | ૮ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૫ | ૧૪૦૦ |
| મગફળી | ૯૨૫ | ૧૦૦૦ |
| ઘઉં લોકવન | ૪૭૬ | ૪૭૬ |
| ચણા | ૧૧૧૯ | ૧૧૨૧ |
| મગ | ૧૧૭૦ | ૧૩૪૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૬૫ |
| સોયાબીન | ૬૧૧ | ૭૬૫ |
| તલ કાળા | ૩૩૧૧ | ૩૮૬૦ |
| તલ સફેદ | ૧૩૪૦ | ૧૪૧૧ |
| તુવેર | ૭૦૦ | ૧૦૬૫ |
| દાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૧૭ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૯૪ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૮૦ |
| મેથી | ૬૫૦ | ૬૫૦ |
| જુવાર | ૩૦૦ | ૭૦૦ |
| ધાણા | ૧૧૭૦ | ૧૩૨૦ |
| શીંગફાડા | ૧૧૪૦ | ૧૪૫૫ |
| મગફળી | ૯૫૦ | ૧૦૧૨ |
| મગ | ૧૦૦૦ | ૧૩૨૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૫૬૫ | ૧૬૯૩ |
| કપાસ મીડીયમ | ૧૫૦૦ | ૧૫૫૦ |
| મગફળી | ૧૦૪૫ | ૧૦૮૫ |
| જીરૂ | ૨૮૮૦ | ૩૫૫૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૦૫ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૧૭૧૦ |
| તલ કાળા | ૨૫૭૦ | ૩૯૦૦ |
| ચણા | ૧૦૫૮ | ૧૧૧૨ |
| મગ | ૧૨૫૦ | ૧૩૬૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૦૦ | ૧૦૩૫ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૮૫ |
| શીંગ દાણા | ૧૧૦૦ | --- |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૦૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૦૦૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૦૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૦ |
| બાજરો | ૩૦૦ | ૩૭૦ |
| જુવાર | --- | ૬૬૧ |
| મગ | ૧૧૫૦ | ૧૩૯૮ |
| અડદ | ૭૫૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૪૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૧ |
| રાય/રાયડો | ૧૦૫૦ | --- |
| સોયાબીન | ૭૦૦ | ૭૩૦ |
| એંરડી | ૧૨૦૦ | ૧૨૬૮ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૬૫૧ | ૯૦૦ |
| તલ સફેદ | ૧૩૫૧ | ૧૯૮૦ |
| તલ પીળા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૩૫૦ |
| બાજરો | ૩૯૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૬૧૪ |
| જુવાર | ૪૭૧ | ૯૩૧ |
| મગ | ૧૪૭૦ | ૧૪૭૬ |
| ચણા | ૧૦૧૧ | ૧૧૩૬ |
| રાય | ૧૨૪૦ | ૧૨૪૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૬૪૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૫ |
| મગ | ૯૦૦ | ૧૪૧૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૩૫ |
| તુવેર | ૯૦૦ | ૧૨૫૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૮૦ |
| તલ સફેદ | ૧૦૫૦ | ૧૯૦૦ |
| ધાણા | ૮૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૦ |
| ધાણા | ૮૦૦ | ૧૩૦૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૫૦ | ૧૧૭૧ |
| બાજરી | ૩૮૦ | ૫૪૨ |
| ઘઉં | ૪૮૦ | ૫૩૨ |
| જુવાર | ૫૦૦ | ૭૭૦ |
| ચોળી | ૮૦૦ | ૧૬૨૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૯૮ |
| મગ | ૧૨૦૦ | ૧૭૧૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૩૧ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૮૯૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૩૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૬૨૪ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૭૫૦ |
| બાજરો | ૨૦૦ | ૪૪૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૪ |
| મગ | ૧૪૦૦ | ૧૬૮૦ |
| તુવેર | ૪૦૦ | ૧૧૫૦ |
| ચોળી | ૧૨૩૫ | ૧૬૫૦ |
| મેથી | ૮૫૧ | ૧૧૬૮ |
| ચણા | ૯૫૦ | ૧૨૦૮ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૮૫૦ |
| મગફળી જીણી | ૯૧૦ | ૧૧૭૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૦૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૬૦ |
| તલ | ૧૬૦૦ | ૧૯૪૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૪૦૦ |
| રાયડો | ૧૧૮૫ | ૧૨૬૪ |
| રાય | ૧૧૫૦ | ૧૩૯૫ |
| લસણ | ૫૦૦ | ૯૧૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૭૦૦ |
| અજમો | ૫૫૦ | ૨૫૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ધાણી | ૧૨૪૦ | ૧૪૦૫ |
| ડુંગળી સૂકી | ૭૦ | ૨૭૫ |

### મહુવા

| | | |
|---|---|---|
| જુવાર | ૨૯૮ | ૬૨૩ |
| બાજરી | ૩૦૦ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૯૦ |
| અડદ | ૧૦૮૦ | ૧૪૭૫ |
| મગ | ૭૪૦ | ૧૫૭૭ |
| મેથી | ૬૦૧ | ૮૯૬ |
| ચણા | ૮૭૮ | ૧૧૩૬ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૨૦૭૪ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૭૭૧ |
| તુવેર | ૯૦૦ | ૯૦૦ |
| જીરૂ | ૩૩૬૨ | ૩૩૬૨ |
| ડુંગળી લાલ | ૧૦૪ | ૨૭૮ |
| ડુંગળી સફેદ | ૧૦૬ | ૨૫૧ |
| નાળીયેર | ૧૨૯૦ | ૨૯૯૯ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પત્રકાર એકતા પરિષદની ટીમે પત્રકારોના ૧૨ પ્રશ્નો બાબતે સી.આર. પાટીલ સાથે મુલાકાત કરી

સુરત,તા.૧૬

પત્રકાર એકતા પરિષદના પ્રદેશ અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડિયા અને નીતિન ઘેલાણીની આગેવાની હેઠળ પત્રકારોના પ્રશ્નો બાબતે સી.આર. પાટીલ સાથે મુલાકાત કરવામાં આવી હતી. ઉદ્યોગપતિ જીવરાજભાઈ ધારુકાની મધ્યસ્થીથી આ બેઠક સુરત ખાતે રવિવારે ૪ કલાકે સી.આર. પાટીલના કાર્યાલય ખાતે યોજાઈ હતી. પત્રકાર એકતા પરિષદ દ્વારા જીવરાજભાઈ ધારુકાને સાથે રાખીને પત્રકારોના ૧૨ પ્રશ્નો લેખિતમાં સી.આર. પાટીલ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવતા, સી.આર. પાટીલે વહેલી તકે તેના ઉકેલ માટે ખાતરી આપી હતી. આ મુલાકાત દરમિયાન પત્રકાર એકતા પરિષદના પ્રદેશ અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડિયાના નેતૃત્વમાં અને જીવરાજભાઈ ધારુકાના વડપણ નીચે, આસપાસના જિલ્લાના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સુરતના પ્રમુખ સતીષભાઈ કુંભાણી, વીણાબેન ચોંડાગર, પ્રદેશ મહિલા અધ્યક્ષ સમીમબેન પટેલ, પ્રદેશ મહામંત્રી સંદીપભાઈ દેવાશ્રય, મહીસાગર જિલ્લા અધ્યક્ષ મયંકભાઈ જોષી, ભરૂચ જિલ્લા અધ્યક્ષ અતુલભાઈ મુળાણી, નવસારીથી પ્રદેશ અગ્રણી આરીફભાઈ શેખ, નવસારી જિલ્લાના નવનિયુક્ત અધ્યક્ષ અજીતસિંહ ઠાકોર, આઈ.ટી. સેલના નીતિન ઘેલાણી અને રાવ સાહેબ જોડાયા હતા.



# રાજુલાના વિકટર ગામના સ્મશાન નજીક આધેડની લાશ મળતા ચકચાર

રાજુલા,તા.૧૬

રાજુલા તાલુકાના વિકટર ગામના સ્મશાન નજીકથી એક વ્યક્તિની લાશ મળી આવી છે, જેની ઓળખ બાબુભાઈ વીરાભાઈ સોલંકી (રહે. પાલડી, ઉના, ગીર સોમનાથ) તરીકે થઈ છે. સ્થાનિકોએ લાશ જોતા જ પીપાવાવ મરીન પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકના શરીર પર કોઈ ઈજાના નિશાન મળ્યા નથી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો, રિપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થશે. પીપાવાવ મરીન પોલીસની પ્રાથમિક તપાસમાં આત્મહત્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પોલીસે હાલ વિકટર વિસ્તારમાં તપાસ હાથ ધરી છે.



તસવીર : ગોપાલ રાઠોડ

**મૃતક ઉના તાલુકાના પાલડી ગામનો હોવાનું ખુલ્યું**

# ગોંડલમાં અક્ષય ભારતી મિત્ર મંડળ દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે ૧૧,૧૧૧ રોપાનું વિતરણ



ગોંડલ,તા.૧૬

ગોંડલમાં અક્ષય ભારતી મિત્ર મંડળ હસ્તે આ વર્ષે ૧૧,૧૧૧ ફળાઉ અને દેશી કુળનાં અલગ અલગ ૪૦ પ્રકારના વૃક્ષના રોપાનું વિનામૂલ્યે એમ.બી. આર્ટ્સ કોમર્સ કોલેજ ખાતે વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં મંડળનાં કાર્યકર્તાઓ, સંઘના કાર્યકર્તાઓ અને ફોરેસ્ટ વિભાગ આશાપુરા નર્સરીના અધિકારીઓએ ખુબ જ મહેનત પણ કરી હતી.

# થોરડી ગામનાં નવા સરપંચે રોપા વિતરણ કરીને ચાર્જ સંભાળ્યો, એક નવીનતમ શરૂઆત

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા તાલુકાનાં થોરડી ગામે નવા ચૂંટાયેલા સરપંચે બુધવારે પંચાયતનો ચાર્જ સંભાળ્યો ત્યારે ૪૦૦ જેટલા વિવિધ ઝાડનાં રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરીને પર્યાવરણની જાળવણી કરવા માટે એક નવી શરૂઆત કરી છે. અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા તાલુકાનાં થોરડી ગામમાં હાલમાં થયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં યુવા એવા વિપુલભાઈ બરવાળીયા સરપંચ તરીકે ચૂંટાઈ આવ્યા હતાં. બુધવારે તેઓએ સરપંચ તરીકે ગ્રામ પંચાયતનો ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગ નિમિત્તે પર્યાવરણ પ્રેમી એવા વિપુલભાઈએ વિવિધ ઝાડનાં રોપાઓનું વિતરણ કર્યુ હતું. જેમાં ગામલોકોએ ખૂબ સારો પ્રતિસાદ આપ્યો હતો. આ પ્રસંગે સાવરકુંડલા તાલુકાનાં ડેપ્યુટી તાલુકા વિકાસ અધિકારી રફીકભાઈ જાદવ, પંચાયત મંત્રી દિપકભાઈ બગડા, નવનિયુક્ત સરપંચ અને તમામ સભ્યો તેમજ સૌ ગ્રામજનોએ રોપા વિતરણ કાર્યમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



# ધોરાજીમાં પાણીજન્ય રોગચાળાનો હાહાકાર: એક મહિનામાં ૨,૦૦૦થી વધુ દર્દીઓ દાખલ

ધોરાજી,તા.૧૬

ધોરાજી શહેરમાં પાણીજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે, જેના કારણે સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. એક મહિનાના ગાળામાં અંદાજે ૨,૦૦૦થી વધુ દર્દીઓએ સરકારી હોસ્પિટલમાં સારવાર લીધી છે. ધોરાજી સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડોક્ટર જયેશ વસેટીયનના જણાવ્યા અનુસાર, હાલમાં શહેરમાં ઠેર ઠેર કચરાના ઢગલા અને ગંદકીને કારણે તેમજ પાણીજન્ય રોગ અને મચ્છરના ઉપદ્રવને લીધે રોગચાળો વધી રહ્યો છે. દરરોજ ૫૦૦થી વધુ દર્દીઓ ઓપીડીમાં સારવાર માટે આવી રહ્યા છે. આ બાબતે તાત્કાલિક સરકારી તંત્ર અને નગરપાલિકાએ કાર્યવાહી કરવી જોઈએ તેવી ધોરાજીના નગરજનોની પ્રબળ માંગણી છે.



# અમરેલી નગરપાલિકાનો નવતર પ્રયોગ: 'માય થેલી' કાર્યક્રમ અંતર્ગત જૂના કપડાંમાંથી બનશે કાપડની થેલીઓ

અમરેલી, તા.૧૬

અમરેલી નગરપાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક નાબૂદી માટે એક નવતર 'માય થેલી' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ દર ગુરુવાર અને શુક્રવારે યોજવામાં આવી રહ્યો છે. આ પહેલમાં, શહેરીજનો પાસેથી જૂના કપડાં લઈ તે જ કપડાંમાંથી સ્વ-સહાય જૂથોની બહેનો દ્વારા સ્થળ પર જ કાપડની થેલીઓ બનાવી આપવામાં આવશે. આ કાર્યક્રમ દર ગુરુવાર અને શુક્રવારે સવારે ૧૦ થી ૨ અને બપોરે ૩ થી ૬ કલાક સુધી શહેરના જેશીંગપરા શિવાજી ચોક પાસે આવેલ સિવિક સેન્ટર ખાતે યોજાશે. સરકાર દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે અનેક પગલાં ભરવામાં આવી રહ્યા છે, પરંતુ લોકોની સ્વયં જાગૃતિના અભાવે જાહેર રોડ ઉપર પ્લાસ્ટિક છવાયેલું જોવા મળે છે. પશુ-પર્યાવરણ માટે અતિ નુકસાનકારક અને જીવલેણ પ્લાસ્ટિકના ઉપયોગ ઉપર ખાસ કરીને બહેનોએ જાગૃતતા દાખવવી જરૂરી બનેલ છે. સ્વચ્છતા અભિયાનમાં પણ પ્લાસ્ટિક ખૂબ જ બાધારૂપ બની રહ્યું છે. ચીફ ઓફિસર વિનોદ ચૌહાણ દ્વારા શહેરીજનોને આ 'માય થેલી' કાર્યક્રમનો બહોળી સંખ્યામાં લાભ લેવા જાહેર અપીલ કરવામાં આવી છે.

**પ્રતિબંધિત પ્લાસ્ટિક નાબૂદી માટે દર ગુરુ-શુક્રવારે સિવિક સેન્ટર ખાતે આયોજન; શહેરીજનોને લાભ લેવા ચીફ ઓફિસરની અપીલ**

# અમરેલી કલેક્ટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૬

રાજ્ય સરકારના મત્સ્યદ્યોગ અને પશુપાલન રાજ્યમંત્રી તેમજ અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી પરશોત્તમભાઈ સોલંકીની અધ્યક્ષતામાં અને તેમની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા પંચાયત ખાતે યોજાયેલ આ બેઠકમાં અમરેલી જિલ્લાના વિકાસને વેગ આપતા અને નાગરિકલક્ષી સુવિધા તેમજ સુખાકારીમાં વધારો કરતા વર્ષ ૨૦૨૫-૨૬ના વિવિધ કામો મંજૂર કરવામાં આવ્યા હતા. પ્રભારી મંત્રીના અધ્યક્ષ સ્થાનેથી જિલ્લા આયોજન વિકેન્દ્રિત અંતર્ગત રૂ.૧૨.૨૩ કરોડના ખર્ચે તાલુકા કક્ષાના ૪૫૮ કામ, ૧૫% વિવેકાધિન જોગવાઈ અંતર્ગત રુ.૨.૧૫ કરોડના ખર્ચે નગરપાલિકા કક્ષાના ૨૮ કામ, ૧૫% વિવેકાધીન જોગવાઈ અંતર્ગત રુ.૮૮.૫૦ લાખના ખર્ચે જિલ્લાકક્ષાના ૨૯ કામ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની ખાસ પ્લાન યોજના અંતર્ગત રુ.૧૫ લાખના ખર્ચે ૩ કામને મંજૂરી આપવામાં આવી હતી.




# ગોંડલ સાંઢીયા પુલ પાસે કારમાં આગ લાગતાં અફડાતફડી મચી

ગોંડલ, તા.૧૬

ગોંડલ સાંઢીયા પુલ પાસે કારમાં આગ લાગતાં અફડાતફડી મચી હતી. ચાલુ કારમાં આગ લાગતા કારમાં સવાર પરિવારનો આબાદ બચાવ થયો હતો.


ઘટનાની જાણ ગોંડલ નગરપાલિકા ફાયર વિભાગને કરાતા ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ લાગવાનું કારણ અંકબંધ રહ્યું હતું. આગની ઘટનાના પગલે સાંઢીયા પુલ પર થોડીવાર માટે ટ્રાફિક જામ સર્જાયો હતો.



# કોડીનાર પંથકમાં સિંહોના આંટાફેરા, ગાયોનું મારણ કરતા ખેડૂતોમાં ફફડાટ

ડોળાસા,તા.૧૬

કોડીનાર તાલુકાના અડવી ગામે છેલ્લા કેટલાયે દિવસોથી એક સિંહ પરિવારે ગામની અંદર ઘૂસી સાત ગાય, વાછરડાઓનું મારણ કરતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. ગત રાત્રિ દરમ્યાન આ સિંહ પરિવાર પાંચ કિ.મી. દૂર આવેલ ગીરગઢડા તાલુકાના સોનપરા ગામે ત્રણ ગાયોનું મારણ કર્યું હતું. આ ઉપરાંત ગીરગઢડા તાલુકાના બોડીદર ગામમાં પણ આ સિંહ પરિવાર રખડતી ગાયોનું મારણ કરતો હોવાનું ગ્રામજનો જણાવી રહ્યાં છે. બોડીદર, સોનપરા, અડવી, ડોળાસાની સંયુક્ત સીમમાં સાવજો, દીપડા પડ્યા પાથર્યા રહે છે. હાલ ખેતીવાડીની સિઝન ચાલે છે. કામ સબબ ખેડૂતોને અવારનવાર વાડીએ જવું પડે છે. ખેતીની સિઝનમાં જ વન્યપ્રાણીઓનો આતંક વધતા ખેડૂતોમાં ભયનો માહોલ છવાયો છે.



# ધો. ૧૨ની પૂરક પરીક્ષાનું આજે પરિણામ, વોટસએપ નંબરથી જાણી શકાશે

ગાંધીનગર,તા.૧૬

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં ૧-૨ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષા દર વર્ષે લેવામાં આવે છે. ત્યારે બોર્ડની પરીક્ષા બાદ જૂન મહિનામાં ધો.૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાનું પરિણામ આજરોજ૧૭ જુલાઈએ સવારે ૯ વાગ્યે જાહેર થશે. શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ જાણકારી આપી છે. શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું હતું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જૂન-જુલાઈ ૨૦૨૫માં યોજાયેલ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ આજરોજ ૧૭ જુલાઈ સવારે ૯ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ સવારથી જ બોર્ડની વેબસાઈટ પર પરિણામ જોઈ શકશે. આ ઉપરાંત વોટ્સએપ નંબર ૬૩૫૭૩ ૦૦૯૭૧ પર પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.


**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

મરણ રજી.નં.૦૮/૨૦૨૫

શ્રી કાનજીભાઈ ધરમશીભાઈ પટેલ
રે.આંબા, તા.લીલીયા જી.અમરેલી ........અરજદાર
(હાલ-મુબઈ, સી/૫૦૧ સંસ્કૃતી બીલ્ડીંગ, ન્યુલીંક રોડો શારદાગ્રામ આનંદનગર દહીસર, ઈસ્ટ મુંબઈ-મહારાષ્ટ્ર-૪૦૦૦૬૮)

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, આંબા ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી કાનજીભાઈ ધરમશીભાઈ પટેલના પિતા ધરમશીભાઈ પુનાભાઈ પટેલનું મરણ તા.૦૪/૦૧/૨૦૦૧ના રોજ આંબા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં.૪૮/૨૦૨૫

શ્રી વિરજીભાઈ રાજાભાઈ દેત્રુજા
રે.લોંકા, તા.લીલીયા, જી.અમરેલી ........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લોંકા ........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી વિરજીભાઈ રાજાભાઈ દેત્રુજાનો પુત્ર દામજીભાઈ વીરજીભાઈ દેત્રુજાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૫ના રોજ લોંકા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૬૧/૨૫ તા.૧૦/૦૭/૨૦૨૫

**વિવાદી-** **શ્રી હરેશભાઈ ઠાકરશીભાઈ પાથર**
**મું.લોનકોટડા, તા.બાબરા, જિ.અમરેલી.**
**મો. ૯૭૨૭૯ ૮૭૯૭૮**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવાદીઃ-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, લોનકોટડા, બાબરા ગ્રામ પંચાયત લોનકોટડા, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે. લોનકોટડા તા.બાબરાના રહીશ આ કામના અરજદારશ્રીના માતા કમુબેન ઠાકરશીભાઈ પાથરનું મરણ તા.૩૦/૦૨/૧૯૯૯ ના રોજ તથા અરજદારશ્રીના ભાઈશ્રી મહેશભાઈ ઠાકરશીભાઈ પાથરનું મરણ તા. ૨૮/૦૨/૨૦૦૭ ના રોજ મોજે- લોનકોટડા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૧/૦૭/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૩/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૮૪/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ધનજીભાઈ વરજાંગભાઈ બારૈયા
રહે.પારસ ચોક, મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી એમ.એમ.કાતિરા રહે.કોડીનાર .....અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ ધનજીભાઈ વરજાંગભાઈ બારૈયા તથા મણીબેન ધનજીભાઈ બારૈયા નો પુત્ર રજનીકાંત ધનજીભાઈ બારૈયા નો જન્મ તા. ૧૪/૦૬/૧૯૯૮ માં કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના સને.૧૯૯૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# રાજકારણમાં પ્રાદેશિકવાદને પ્રોત્સાહન આપવું એ દેશની એકતા માટે ખતરનાક: સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૧૬

સુપ્રીમ કોર્ટે પ્રાદેશિક રાજકારણ વિશે ખૂબ જ મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા કહ્યું કે ચૂંટણી રાજકારણમાં પ્રાદેશિકવાદને પ્રોત્સાહન આપવું એ દેશની એકતા અને અખંડિતતા માટે સાંપ્રદાયિકતા જેટલું જ ખતરનાક છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે ઘણા રાજકીય પક્ષો ચૂંટણી દરમિયાન પ્રાદેશિકતાને પ્રોત્સાહન આપીને મત માંગે છે, જે રાષ્ટ્રીય એકતાની વિરુદ્ધ છે. આ ટિપ્પણી જસ્ટિસ



સૂર્યકાંત અને જસ્ટિસ જોયમલ્યા બાગચીની બેન્ચે એક અરજીની સુનાવણી કરતી વખતે કરી હતી જેમાં એઆઈએમઆઈએમ (ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન) ની નોંધણી રદ કરવાની માંગ કરવામાં આવી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે આ અરજી ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે તે ફક્ત એક જ પક્ષને નિશાન બનાવી શકે નહીં, જ્યારે ઘણા પક્ષો સાંપ્રદાયિક કે પ્રાદેશિક ધોરણે રાજકારણ કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું, 'શું એ પૂછવું ખોટું છે કે શું ચૂંટણીમાં પ્રાદેશિકતાને પ્રોત્સાહન આપવું ભારતની એકતા અને અખંડિતતા વિરુદ્ધ નથી?' કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી કે આવી રાજનીતિ દેશની સામૂહિક ઓળખ અને બંધારણના મૂળભૂત સિદ્ધાંતોને નુકસાન પહોંચાડી શકે છે. જોકે, એઆઈએમઆઈએમના બંધારણનો અભ્યાસ કર્યા પછી, કોર્ટે કહ્યું કે તેમાં બંધારણનું ઉલ્લંઘન કરતું કંઈ મળ્યું નથી. કોર્ટે એમ પણ ઉમેર્યું હતું કે જો કોઈ ધાર્મિક કાયદો બંધારણ દ્વારા સુરક્ષિત હોય, તો રાજકીય પક્ષને તેનો પ્રચાર કરવાનો અધિકાર છે.

# રશિયા સાથે વેપાર ચાલુ રાખવા બદલ નાટોની ભારત, ચીન અને બ્રાઝિલને ચેતવણી

વોશિંગ્ટન,તા.૧૬

નાટો સેક્રેટરી જનરલ માર્ક રૂટે ભારત, બ્રાઝિલ અને ચીનને મોટી ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે જો આ બધા દેશો રશિયા સાથે વેપાર કરવાનું ચાલુ રાખશે, તો આગામી એપિસોડમાં તેમના પર ખૂબ જ કડક પ્રતિબંધો લાદી શકાય છે. રૂટે કહ્યું કે તેઓ યુએસ કોંગ્રેસના સેનેટરોને મળ્યા છે. તમને જણાવી દઈએ કે ટ્રમ્પ આ દેશોને પહેલા પણ ઘણી વખત



આવી ચેતવણીઓ આપી ચૂક્યા છે. માર્ક રૂટની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેન માટે નવા શસ્ત્રોની જાહેરાત કરી હતી અને એમ પણ કહ્યું હતું કે જો ૫૦ દિવસની અંદર શાંતિ કરાર નહીં થાય, તો રશિયન નિકાસ ખરીદનારાઓ પર ૧૦૦% નો "કઠોર" ગૌણ ટેરિફ લાદવામાં આવશે. રુટે પત્રકારોને કહ્યું, "આ ત્રણ દેશોને મારી ખાસ સલાહ છે કે જો તમે બેઈજિંગ, દિલ્હીમાં રહો છો અથવા હાલમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ છો, તો તમારે આ બાબત પર ધ્યાન આપવું જોઈએ કારણ કે તેની અસર તમારા પર ખૂબ ભારે પડશે." તેમણે કહ્યું, "તો કૃપા કરીને વ્લાદિમીર પુતિનને ફોન કરો અને તેમને કહો કે તેમણે શાંતિ મંત્રણાને ગંભીરતાથી લેવી પડશે.

# કાવડ મેળો ભવ્યતાને આરે: પાંચ દિવસમાં ૮૦.૯૦ લાખ શિવભક્તો હરિદ્વાર પહોંચ્યા

(એચ.એસ.એલ),હરિદ્વાર,તા.૧૬

શ્રાવણ મહિનાના પહેલા અઠવાડિયામાં જ કાવડ મેળો તેની પૂર્ણ ભવ્યતાએ પહોંચી ગયો છે. શ્રદ્ધાનું એટલું પૂર આવી રહ્યું છે કે હરિદ્વારથી ગંગાનહર ટ્રેક અને હાઈવે સુધી ફક્ત શિવભક્તોની કતારો જ જોવા મળે છે. પાંચ દિવસમાં, ૮૦ લાખ ૯૦ હજાર કંવર યાત્રાળુઓ તેમના ગંતવ્ય સ્થાને પાછા ફર્યા છે. કંવર મેળાની સત્તાવાર શરૂઆત ૧૧ જુલાઈથી માનવામાં આવે છે, પરંતુ તે પહેલાં જ શિવભક્તોએ હરિદ્વાર પહોંચવાનું શરૂ કરી દીધું હતું. વહીવટીતંત્રે ૧૦ જુલાઈથી કંવરીઓની ગણતરી શરૂ કરી હતી. પોલીસ વહીવટીતંત્ર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ૧૦ જુલાઈથી મંગળવારે સાંજે ૬ વાગ્યા સુધી, કુલ ૮૦ લાખ ૯૦ હજાર કંવર યાત્રાળુઓ ગંગાજળ ભરીને તેમના ગંતવ્ય સ્થાન તરફ રવાના થયા છે. કેસરી રંગમાં રંગાયેલા ધાર્મિક શહેરનું વાતાવરણ બમ બમ ભોલેના નારાથી ગુંજી રહ્યું છે.

# ભારતીય દૂતાવાસે પોતાના નાગરિકોને ઈરાનની મુસાફરી ટાળવાની સલાહ આપી

તેહરાન,તા.૧૮

ઈરાનમાં ભારતીય દૂતાવાસે ઈરાનની મુસાફરી કરતા ભારતીય નાગરિકો માટે સલાહ જારી કરી છે. દૂતાવાસે એક ટ્વિટમાં જણાવ્યું છે કે, "છેલ્લા કેટલાક અઠવાડિયામાં સુરક્ષા વિકાસને ધ્યાનમાં રાખીને, ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ ઈરાનની બિન-આવશ્યક



મુસાફરી કરતા પહેલા વર્તમાન પરિસ્થિતિનો કાળજીપૂર્વક વિચાર કરે. તેમને નવીનતમ પ્રાદેશિક વિકાસ પર નજર રાખવા અને ભારતીય અધિકારીઓ દ્વારા જારી કરાયેલી નવીનતમ સલાહનું પાલન કરવાની પણ સલાહ આપવામાં આવે છે." દૂતાવાસે વધુમાં લખ્યું છે કે, "જે ભારતીય નાગરિકો પહેલાથી જ ઈરાનમાં છે અને ત્યાંથી જવા માંગે છે તેઓ હવે ઉપલબ્ધ કોમર્શિયલ ફ્લાઈટ અને ફેરી સેવાઓનો લાભ લઈ શકે છે." એમઈએએ સલાહ કેમ જારી કરી? મે ૨૦૨૫ માં ઈરાનમાં ત્રણ ભારતીય નાગરિકોનું અપહરણ થયું ત્યારે ભારતીય દૂતાવાસે આ સલાહ જારી કરી હતી. આ બધા નાગરિકો પંજાબના રહેવાસી હતા. તેઓ ઈરાન ગયા હતા. પરંતુ ત્યાં પહોંચતા પહેલા, તેઓ પાકિસ્તાનમાંથી જ ગાયબ થઈ ગયા હતા. કારણ કે ઈરાનનો રસ્તો પાકિસ્તાન થઈને જતો હતો.

# બોકારોમાં પોલીસ સાથે અથડામણમાં બે નક્સલીઓને ઠાર મારવામાં આવ્યા

(એચ.એસ.એલ),બોકારો,તા.૧૬

બોકારો જિલ્લાના બિરહોર્ડેરા જંગલ વિસ્તારમાં પોલીસ અને નક્સલીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું. પોલીસ અને સુરક્ષા દળો આ વિસ્તારમાં નક્સલ વિરોધી દરોડા પાડી રહ્યા હતા ત્યારે એન્કાઉન્ટર શરૂ થયું હતું. આ દરમિયાન, ઓચિંતો હુમલો કરીને બેઠેલા નક્સલીઓએ અચાનક સુરક્ષા દળો પર ગોળીબાર શરૂ કર્યો. જવાબમાં, પોલીસે બે નક્સલીઓને ઠાર કર્યા. બંનેના મૃતદેહ મળી આવ્યા છે. એન્કાઉન્ટરમાં, સીપીઆઈ માઓવાદીના નક્સલીઓ સામે લડતી વખતે કોબ્રા-૨૦૯ બટાલિયનનો એક સૈનિક ઘાયલ થયો હતો. ઘાયલ સૈનિકને રાંચી લઈ જવામાં આવ્યો છે, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ એન્કાઉન્ટર એ જ લુગુ પહાડી વિસ્તારમાં થયું હતું, જ્યાં આ વર્ષે એપ્રિલમાં, એક એક કરોડ રૂપિયાનું ઈનામ ધરાવતા બંદૂકધારી માર્યા ગયા હતા.

# મારવાડી યુનિવર્સિટીના વિદેશી વિદ્યાર્થીઓ નશો અને દેહ વ્યાપાર કરતા હોવાની રતનપર ગામના લોકોની રાવ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧૬

રાજકોટ નજીક આવેલા રતનપર ગામના લોકો અને વિદેશી વિદ્યાર્થીઓ વચ્ચેનો વિવાદ ફરી એક વખત સામે આવ્યો છે. મારવાડી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓ અને રતનપર ગામના લોકો વચ્ચે મંગળવારે માથાકૂટ થઈ હતી. સમગ્ર મામલે પોલીસ પણ રતનપર ગામ પહોંચી હતી. ત્યારે આ અંગે બુધવારે



રતનપર ગામના લોકો પોલીસ કમિશનર ઓફિસે પહોંચ્યા હતા અને રજૂઆત કરી હતી. આ સમગ્ર મામલે ગામના લોકો આફ્રિકાના વિદ્યાર્થીઓ સામે ગંભીર આક્ષેપો કરતા કહ્યું હતું કે, મારવાડી યુનિવર્સિટીના વિદેશી આફ્રિકન વિદ્યાર્થીઓ રતનપર ગામમાં આવીને માથાકૂટ કરે છે. વિદેશી વિદ્યાર્થીઓ ખુલ્લેઆમ નશા અને દેહ વ્યાપારનો ધંધો કરે છે. જેથી કરીને સ્થાનિકો પણ શરમમાં મુકાય છે. જો મારવાડી યુનિવર્સિટી વિદેશી વિદ્યાર્થીઓને રાખવા જ માંગતી હોય તો કેમ્પસમાં જ વ્યવસ્થાઓ કરે નહીંતર આગામી સમયમાં કોંગ્રેસ આંદોલન કરશે. ગામલોકોએ દેહ વ્યાપારની ચેટિંગના કેટલાક સ્ક્રીનશોટ વાયરલ કર્યા હતા.

# સરાડીયા-વાંસજાળિયા નવી રેલવે લાઈનના સર્વેને મંજૂરી: સૌરાષ્ટ્રને મોટી ભેટ

ગાંધીનગર, તા.૧૬

પોરબંદર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાના પ્રયાસોથી ગુજરાતને રેલવે મંત્રાલય તરફથી મહત્વપૂર્ણ ભેટ મળી છે. રેલવે બોર્ડે પશ્ચિમ રેલવે ઝોન હેઠળ સરાડીયા-વાંસજાળિયા નવી રેલવે લાઈન માટે ફાઈનલ લોકેશન સર્વે (FLS) ને મંજૂરી આપી દીધી છે. ભાવનગર



ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, આ નવી લાઈન ૪૫ કિલોમીટર લાંબી હશે. આ પ્રોજેક્ટ સૌરાષ્ટ્રના દૂરના વિસ્તારોમાં ઔદ્યોગિક, સામાજિક અને આર્થિક વિકાસને વેગ આપશે. તે આ વિસ્તારને ભારતીય રેલવેના મુખ્ય પ્રવાહ સાથે જોડશે, જેનાથી લોકોને દેશના અન્ય ભાગોમાં મુસાફરી કરવાની સુવિધા મળશે. આ લાઈન સોમનાથ-દ્વારકા-ઓખા-પોરબંદરને જોડતો એક વધારાનો અને ટૂંકો માર્ગ પૂરો પાડશે, સાથે જ ગિરનાર, સોમનાથ અને દ્વારકા જેવા મહત્વપૂર્ણ તીર્થસ્થાનો માટે પણ સુગમ માર્ગ બનશે. આ પ્રોજેક્ટ સરકારના "સબકા સાથ, સબકા વિકાસ" ના સિદ્ધાંતને અનુરૂપ છે. સરાડીયા જૂનાગઢ જિલ્લામાં, જ્યારે વાંસજાળિયા જામનગર જિલ્લામાં પોરબંદરથી ૩૪ કિમી દૂર આવેલું છે.

# પાઈલોટની સમયસૂચકતાથી પટના એરપોર્ટ પર મુસાફરોના જીવ બચ્યા

પટણા,તા.૧૬

બિહારની રાજધાની પટના સ્થિત જયપ્રકાશ નારાયણ આંતરરાષ્ટ્રીય વિમાન મથક પર એક મોટી વિમાન દુર્ઘટના ટળી ગઈ. પાઈલટની સમજદારીને કારણે, વિમાનમાં બેઠેલા ૧૭૩ મુસાફરોના જીવ બચી ગયા. માહિતી અનુસાર, દિલ્હીથી પટના આવી રહેલી ઈન્ડિગો ફ્લાઈટ રનવેને સ્પર્શી ગઈ અને લેન્ડિંગ માટે નક્કી કરેલા ટચ પોઈન્ટથી થોડી આગળ નીકળી ગઈ. આ કારણે, મોટો અકસ્માત થઈ શક્યો હોત પરંતુ પાયલોટે સમજદારી બતાવી અને લોકોના જીવ બચાવ્યા.




# ભીમ આર્મીના વડા ચંદ્રશેખર આઝાદ બિહારમાં ૧૦૦ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે

(એચ.એસ.એલ),પટણા,તા.૧૬

બિહારમાં દલિત મતો માટે યુદ્ધ ચાલી રહ્યું છે. એનડીએ અને મહાગઠબંધન તેમની સંપૂર્ણ તાકાત લગાવી રહ્યા છે. જોકે, એનડીએમાં, હમના જીતન રામ માંઝીની પાર્ટી અને એલપીજી (રામ વિલાસ)ના ચિરાગ પાસવાન વચ્ચે તણાવ છે. બીજી તરફ, માયાવતીની બસપા જેવી પાર્ટીઓ પણ છે, જે દલિતોની શુભેચ્છક હોવાનો દાવો કરે છે. આ દરમિયાન, બિહારના રાજકારણમાં એક નવો વળાંક આવ્યો છે, ભીમ આર્મીના વડા અને આઝાદ સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ચંદ્રશેખર આઝાદે વિધાનસભા ચૂંટણી લડવાની જાહેરાત કરી છે અને ૧૦૦ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ચંદ્રશેખર એક પ્રભાવશાળી દલિત નેતા તરીકે ઉભરી આવ્યા છે, જેમની છબી આક્રમક, અવાજ ઉઠાવનાર અને સંઘર્ષશીલ યુવા નેતાની છે.

# લાઠીના લુવારીયાથી આસોદર રોડ વચ્ચે બે બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત

અમરેલી, તા.૧૬

લાઠી તાલુકાના આસોદર ઈંગોરાળા વચ્ચે બાઈક સામસામે અથડાતા એકનું મૃત્યુ થયું છે જ્યારે બે લોકોને ઈજા થતાં અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા છે. બનાવની વિગત જોઈએ તો સાંજના સમયે રસ્તા પર બે બાઈકચાલકો સામસામે અથડાયા હતા જેમાં



અનવરભાઈ ફતેહભાઈ શેખનું મૃત્યુ થયું છે જ્યારે બે ઘાયલ લોકોને સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા છે.

# ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં મુસાફરોથી ભરેલી જીપ ખીણમાં ખાબકતા ૮ લોકોના મોત

(એચ.એસ.એલ),દહેરાદુન,તા.૧૬

ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લાના મુવાની વિસ્તારમાં એક મોટો રોડ અકસ્માત થયો છે. થલ-પિથોરાગઢ મોટર રોડ પર મુસાફરોથી ભરેલી મેક્સ જીપે કાબુ ગુમાવ્યો અને ઊંડી ખીણમાં પડી ગઈ. આ અકસ્માતમાં ૮ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા, જ્યારે ૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માતની જાણકારી મળતા જ પોલીસ, મહેસૂલ વિભાગ અને આપત્તિ વ્યવસ્થાપનની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ અને



સ્થાનિક ગ્રામજનોની મદદથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી અને ઘાયલ થયેલા લોકોને ખાડામાંથી બહાર કાઢીને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અકસ્માતગ્રસ્ત જીપ મુવાનીથી બોક્તા ગામ જઈ રહી હતી. અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છે. મૃતકોની ઓળખની પ્રક્રિયા ચાલી રહી છે. જિલ્લા વહીવટીતંત્રે અકસ્માતની તપાસના આદેશ આપ્યા છે, જ્યારે ઘાયલોની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# બાંગ્લાદેશમાં ફિલ્મ નિર્માતા સત્યજીત રેનું પૈતૃક મકાન તોડી પાડવા સામે ભારતનો વિરોધ

નવીદિલ્હી,તા.૧૬

બાંગ્લાદેશના મૈમનસિંહ શહેરમાં મહાન ફિલ્મ નિર્માતા સત્યજીત રેનું પૈતૃક ઘર તોડી પાડવામાં આવી રહ્યું છે. ભારત સરકાર દ્વારા આ અંગે સખત વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ભારતીય વિદેશ મંત્રાલયે દુ:ખ વ્યક્ત કર્યું છે અને બાંગ્લાદેશ સરકારને આ નિર્ણય પર પુનર્વિચાર કરવા વિનંતી કરી છે. ભારતીય વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું, 'અમને ખૂબ જ દુ:ખ છે કે બાંગ્લાદેશના મૈમનસિંઘમાં પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અને સાહિત્યકાર સત્યજીત રેની પૂર્વજોની મિલકત, જે તેમના દાદા અને પ્રખ્યાત સાહિત્યકાર ઉપેન્દ્ર કિશોર રે ચૌધરીની હતી, તેને તોડી પાડવામાં આવી રહી છે.' વિદેશ મંત્રાલયે વધુમાં કહ્યું, 'બંગાળી સાંસ્કૃતિક પુનરુજ્જીવનનું પ્રતીક એવી ઈમારતની ઐતિહાસિક સ્થિતિને જોતાં, સાહિત્યિક સંગ્રહાલય અને ભારત અને બાંગ્લાદેશની સહિયારી સંસ્કૃતિના પ્રતીક તરીકે તેના સમારકામ અને પુનર્નિર્માણ માટેના વિકલ્પો પર વિચાર કરવો વધુ સારું રહેશે.'

# અમરેલી જિલ્લાની પ્રા.શાળાઓમાં શિક્ષકોની ૮૦૦થી વધુ જગ્યાઓ ખાલી

**આમાં ક્યાંથી ભણશે ગુજરાત, બાળકોના અભ્યાસ પર ગંભીર અસર**

અમરેલી,તા.૧૬

રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં ખાલી પડેલી ૨૫૦૦૦ જગ્યાઓ શિક્ષણ સહાયકથી ભરવા માટે તૈયારી શિક્ષણ વિભાગે હાથ ધરી છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી પડેલી જગ્યાઓ ભરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ટેટ પાસ ઉમેદવારો પાસેથી ઓનલાઈન શાળાની પસંદગીની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે અમરેલી પ્રાથમિક શિક્ષણ વિભાગ તરફથી મળતી માહિતી મુજબ જિલ્લામાં ૮૦૦થી વધુ પ્રાથમિક શિક્ષકોની ઘટ છે. રાજય



સરકાર શાળાને પ્રોત્સાહન મળે તે માટે શાળા પ્રવેશોત્સવ જેવા તાયફાઓ કરે છે પરંતુ શાળામાં બાળકોની સંખ્યા વધી છે તો શાળામાં બાળકોને ભણાવનારા શિક્ષકોની ભરતી કરવામાં ન આવતા બાળકોના અભ્યાસ પર ગંભીર અસર પડી રહી છે. રાજય સરકાર બાળકોના શિક્ષણ પાછળ અનેક યોજનાઓ બહાર પાડી રહી છે પરંતુ બાળકોને ભણાવનારા શિક્ષકોની જ ઘટ હોય તો બાળકો કઈ રીતે ભણી શકશે તેવો સવાલ વાલીઓએ ઉઠાવ્યો છે. રાજય સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી શાળાના બિલ્ડીંગ અદ્યતન બનાવવામાં આવી રહ્યાં છે પરંતુ શિક્ષકોની ભરતી કરવામાં રાજય સરકાર ઢીલી નીતિ વાપરતી હોવાથી બાળકોના અભ્યાસ પર ગંભીર અસર પડી રહી છે. શિક્ષકોની ઘટને કારણે ઘણીવાર બે ક્લાસ ભેગા કરવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. ગામના સરપંચો દ્વારા બાળકોના અભ્યાસને લઈ અનેકવાર રજૂઆત કરવામાં આવી છે પરંતુ રાજય સરકાર શિક્ષકોની ભરતી કરવામાં ઢીલી નીતિ અપનાવી રહી છે. થોડા દિવસ પહેલા ખાંભામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો જોરદાર વિરોધ કરવામાં આવ્યો હતો. વાલીઓએ રોષ સાથે જણાવ્યું હતું કે, શાળામાં શિક્ષકોની ભરતી થતી ન હોવાથી ઉગ્ર વિરોધ કર્યો હતો. જેથી તંત્રએ પોલીસ પ્રોટેકશન સાથે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજવાની ફરજ પડી હતી.

**જિલ્લામાં ૮૦૦ની ઘટ સામે માત્ર ૨૪૦ની ભરતી થશે**

અમરેલી જિલ્લાના પ્રાથમિક શિક્ષણ કચેરીમાંથી મળતી માહિતી મુજબ જિલ્લામાં ૮૦૦થી વધુ પ્રાથમિક શિક્ષકોની ઘટ છે. જો કે ૨૪૦ શિક્ષકોની જ ભરતી કરવામાં આવી છે. જયારે હજી ૬૦૦ શિક્ષકોની ઘટ છે તેની કયારે ભરતી કરવામાં આવશે તેની કોઈ જ માહિતી મળી નથી. આમ, રાજયના શિક્ષણ વિભાગ દ્વારા માત્ર ૨૪૦ શિક્ષકોની ભરતી કરવામાં આવતા વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે.

**ખાલી જગ્યામાં જ્ઞાન સહાયકોની ભરતી થશે : પ્રફુલ પાનશેરીયા**

રાજયના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ 'સંજોગ ન્યૂઝ' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે રાજયમાં ૨૫૦૦૦ જેટલી શિક્ષકોની ઘટ છે. રાજય સરકાર તમામ ખાલી જગ્યાઓ ભરવા માટે કટીબધ્ધ છે. કચ્છમાં જ ૨૫૦૦ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. જો કે અમરેલી જિલ્લામાં ૮૦૦ શિક્ષકોની ઘટ સામે માત્ર ૨૪૦ શિક્ષકો જ ભરવામાં આવનાર છે આ સવાલના જવાબમાં પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, જે જગ્યાઓ ખાલી પડેલી છે ત્યાં જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવશે જેથી બાળકોના અભ્યાસ પર કોઈ જ અસર નહી થાય અને હજુ ભરતી પ્રકિયા એક મહિના સુધી ચાલવાની છે તેમ અંતમાં જણાવ્યું હતું.

## કુતિયાણામાં શ્વાનનો હાહાકાર: બે મહિનાના બાળકને ફાડી ખાતા મોત

(એચ.એસ.એલ),પોરબંદર,તા.૧૬

ગુજરાતમાં અનેકવાર શ્વાનનો આતંક જોવા મળે છે. આવો જ એક કિસ્સો પોરબંદરના કુતિયાણાના કોટડા ગામે વાડી વિસ્તારમાંથી સામે આવ્યો છે. જેમાં શ્વાનના ટોળાઓ બે મહિનાના બાળકનો ભોગ લીધો છે. મળતી માહિતી મુજબ, ચારથી પાંચ શ્વાને બાળક પર જીવલેણ હુમલો કરતા બાળકનું મોત નિપજ્યું છે. સમગ્ર ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. આ અગાઉ



પણ બાળક પર શ્વાને હુમલો કર્યાનો બનાવ બન્યો હતો. એ વાતનો હજુ મહિનો પણ નથી થયો ત્યાં શ્વાનના આંતકથી એક બાળકનો જીવ ગયો. તેમ છતાં તંત્ર આ બાબતે કોઈ કાર્યવાહી કરવા માટે રસ દાખવતું નથી.

## ધારાસભ્ય તરીકે ગોપાલ ઈટાલીયાએ શપથ લીધા : કેશુબાપા અને ખેડૂત નેતાઓએ કંડારેલા રસ્તા પર ચાલવાનો હુંકાર કર્યો

ગાંધીનગર,તા.૧૬

ગુજરાત વિધાનસભાની તાજેતરની પેટાચૂંટણીમાં ચૂંટાઈ આવેલા આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલિયાએ બુધવારે વિધાનસભામાં ધારાસભ્ય પદના શપથ લીધા છે. વિધાનસભા ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ બુધવારે વિસાવદર વિધાનસભા મત વિસ્તારના નવનિયુકત ધારાસભ્ય



ગોપાલ ઈટાલીયાને ધારાસભ્ય તરીકેના શપથગ્રહણ કરાવ્યા હતા. શપથ લીધા બાદ ગોપાલ ઈટાલિયાએ પોતાનું નિવેદન આપતા જણાવ્યું છે કે, કેશુબાપા અને અન્ય ખેડૂત નેતાઓએ કંડારેલા રસ્તા પર હું ચાલીશ. આ માત્ર ધારાસભ્ય તરીકેના શપથ નથી રાજ્યમાંથી તાનાશાહી હટાવવાના પણ શપથ છે. જનતાનું શાસન અને સ્વરાજ્ય આવે એ માટે શ્રેષ્ઠ પ્રયત્નો કરીશું. વિસાવદર બેઠક પરથી ચૂંટાયેલા ગોપાલ ઈટાલિયા બુધવારથી સત્તાવાર રીતે વિધાનસભાના સભ્ય બન્યા છે.

## સાબરકાંઠામાં લાઠીચાર્જથી પશુપાલકનું મોત નિપજતા કેજરીવાલે દુ:ખ વ્યકત કર્યું

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૬

ગુજરાતના સાબરકાંઠામાં સાબર ડેરી સેન્ટરની બહાર વિરોધ કરી રહેલા પશુપાલકો પર લાઠીચાર્જ અને ટીયર ગેસના ઉપયોગ સામે આમ આદમી પાર્ટીએ ભાજપ સરકાર પર પ્રહાર કર્યા છે. આપના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ, ગુજરાતના પ્રભારી ગોપાલ રાય અને પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવી અને અન્ય નેતાઓએ આ કાર્યવાહીને ભાજપ સરકારની




તાનાશાહીભરી કાર્યવાહી ગણાવી છે.

તેમણે પશુપાલકના મૃત્યુને ખૂબ જ દુ:ખદ ગણાવ્યું. આપ ગુજરાતના વરિષ્ઠ નેતાઓ મૃતક પશુપાલકના પરિવારને મળ્યા અને તેમને સાંત્વના આપી.

## સુરતમાં યુવકની પજવણીથી ત્રાસી જઈ પાટીદાર યુવતીનો આપઘાત

સુરત,તા.૧૬

સુરતના સિંગણપોર વિસ્તારમાં ૧૯ વર્ષીય પાટીદાર યુવતી નેનુ વાવડીયાના આપઘાત મામલે પોલીસ તંત્રે તપાસનો દોર તેજ કર્યો છે. આ કેસમાં આરોપીના પિતા વિષ્ણુ દેસાઈની પોલીસે ધરપકડ કરી છે, જ્યારે પુત્રની પણ પોલીસે અટકાયત કરી છે. પોલીસે પિતાની પૂછપરછ શરૂ કરી છે અને આપઘાત કરનાર યુવતીનો મોબાઈલ ટેકનિકલ વિશ્લેષણ માટે FSLમાં મોકલવામાં આવ્યો છે, જેથી મેસેજ, કોલ લોગ અને અન્ય ડિજિટલ પુરાવાઓમાંથી સંકેત મળી શકે. આરોપીની પૂછપરછ થયા બાદ આ કેસમાં વધુ ગંભીર ખુલાસા થવાની શક્યતા છે. નેનુ વાવડીયાએ આપઘાત કર્યા બાદ પરિવારજનોએ એક યુવક ત્રાસ આપતો હોવાનો આક્ષેપ કર્યો હતો. પિતાએ દીકરીને આપઘાત કરવા માટે મજબૂર કરનાર યુવક મિત અને તેના પિતા વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો હતો. પિતા રજનીભાઈએ ફરિયાદમાં



જણાવ્યું હતું કે ગત ૧૩ જુલાઈના રોજ સાંજના સમયે હું આંબા તલાવડી પાસે મારા કામેથી બેઠો હતો. એ વખતે મારા દીકરા યશનો ફોન આવ્યો અને મને તાત્કાલિક ઘરે આવવા કહ્યું હતું. હું ઘરે પહોંચ્યો ત્યારે આસપાસના લોકો ઘરે ભેગા થઈ ગયા હતા. મેં ઘરમાં જઈને જોતાં મારી દીકરી નેનુ હોલમાં બેભાન હાલતમાં સૂતેલી હતી. મેં આ બાબતે દીકરાને પૂછતાં તેણે જણાવ્યું હતું કે હું ઘરે આવ્યો ત્યારે કોઈએ દરવાજો ખોલ્યો નહીં, જેથી આજુબાજુવાળાને જાણ કરી ગેલરીમાંથી જઈ હોલમાં જોતાં નેનુ બહેને સાડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો.

## ગુજરાત સરકારે નવી ૯ મહાનગરપાલિકામાં સીમાંકન કર્યું જાહેર : ૧૩ વોર્ડ અને ૫૨ બેઠકની રચના કરાઈ

ગાંધીનગર,તા.૧૬

રાજ્ય સરકારે નવરચિત નવ મહાનગરપાલિકાઓનું સીમાંકન જાહેર કર્યું છે. નવી ઘોષિત થયેલ તમામ ૯ મનપામાં ૧૩ વોર્ડ અને ૫૨ બેઠકોનું ગઠન કરવામાં આવ્યું છે. જૂની ૬ અને નવી ૯ મળી કુલ ૧૫ મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજાશે, જેમાં લાખો મતદારો પોતાનો પ્રતિનિધિ પસંદ કરશે. રાજકીય દ્રષ્ટિએ મહત્વ ધરાવતી મનપા ચૂંટણી માટે વિવિધ રાજકીય પક્ષોએ તૈયારી શરૂ કરી દીધી છે. શહેરોના વિકાસ અને વસ્તીના વિસ્તારને ધ્યાનમાં રાખી આસપાસના વિસ્તારોને સમાવિષ્ટ કરીને સીમાંકન




નક્કી કરાયું છે, જ્યારે નવા શહેરો નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર અને વાપી મહાનગરપાલિકા તરીકે ઘોષિત થયા છે, ત્યારે નડિયાદ, મહેસાણા, આણંદ, ગાંધીધામ અને મોરબીને પણ મનપા તરીકે રજૂ કરીને તેનું સીમાંકન જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં હાલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મળી કુલ ૦૮ મહાનગરપાલિકાઓ કાર્યરત છે. આ પૈકી જૂનાગઢ મહાનગરપાલિકાની વર્ષ ૨૦૦૨માં અને ગાંધીનગર મહાનગરપાલિકાની વર્ષ ૨૦૧૦માં રચના કરવામાં આવેલી છે.

**૧૧૫ કંડક્ટરો પોતાના વતનમાં જશે, ૨૦ કંડક્ટરોએ રાજીનામા આપ્યા**

## અમરેલી એસ.ટી.ડિવિઝનમાં ૨૩૯ કંડક્ટરોની નિમણૂંક

અમરેલી,તા.૧૬

રાજય સરકાર દ્વારા બદલી કે નિવત્ત થતા હોય તેવા કંડકટરોની સામે વધુ કંડકટરોની નિમણૂંક કરી છે. અમરેલી એસ.ટી.ડિવિઝનમાં પણ કંડકટરોની ઘટ હોવાથી એસ.ટી.ના અનેક રૂટ બંધ કરવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યુ હતું. જો કે રાજય સરકાર દ્વારા અમરેલી એસ.ટી.ડિવિઝનમાં ૨૩૯ જેટલા કંડકટરોની નિમણૂંક કરી હોવાથી ફરી એસ.ટી.ના નવા રૂટ ચાલુ થશે તેવી મુસાફરો આશા સેવી રહ્યાં છે. બુધવારે અમરેલી એસ.ટી.ડિવિઝનમાં નવા કંડકટરો માટે તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વિભાગીય નિયામક અતુલ સોલંકીએ જણાવ્યું હતું કે, અમરેલી એસ.ટી.ડિવિઝનમાંથી ૧૧૫ કંડકટરોની



બદલી થવા પામી છે જેમાં ૨૦ કંડકટરોને શિક્ષકની નોકરી મળી હોવાથી રાજીનામા આપ્યા છે તેની સામે અમરેલી એસ.ટી.ડિવિઝનમાં નવા ૨૩૯ નવા કંડકટરો આવનાર હોવાથી કંડકટરોની ઘટનો પ્રશ્ન હલ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કંડકટરોની ઘટને કારણે કંડકટરોને ડબલ નોકરી ફાળવણી કરવામાં આવતી હોવાથી કંડકટરોમાં નારાજગી જોવા મળતી હતી. હવે નવા કંડકટરો આવનાર હોવાથી ડબલ નોકરીમાંથી પણ કંડકટરોને રાહત મળશે.

## રાજયમાં મોસમનો કુલ વરસાદ ૫૧.૦૯% નોંધાયો, સૌથી વધુ કચ્છ જિલ્લામાં વરસાદ

ગાંધીનગર,તા.૧૬

ગુજરાતમાં મે મહિનાથી જ ધોધમાર વરસાદની શરુઆત થઈ ગઈ હતી. આ પછી જૂન મહિનામાં રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું જોર રહ્યું હતું. જ્યારે હવે જુલાઈ મહિનાની



શરુઆતથી મેઘરાજાએ જાણે બ્રેક લીધો હોય તેવી સ્થિતિ છે, ત્યારે રાજ્યના છૂટાછવાયા સ્થળોએ વરસાદ વરસી રહ્યો છે. જેમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ ૫૧.૦૯% વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ જિલ્લામાં ૫૮.૪૬% વરસાદ અને દક્ષિણ ગુજરાતમાં ૫૫.૧૯% વરસાદ ખાબક્યો છે. જ્યારે સૌથી ઓછો ઉત્તર ગુજરાતમાં ૪૮.૦૧% સરેરાશ વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં મોસમનો ૫૧.૦૯% વરસાદ નોંધાયો હતો.







